Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ - સંચાલિત

વર્ષ ૨૯ મું
અંક ૧૧ મો
સં. ૨૦૪૬
સન ૧૯૯૦
ઑગસ્ટ

# પથિક

તંત્રી-મંડળ :
પ્રો. કે. કા. શાસ્ત્રી
ડૉ. ના. કે. ભટ્ટી
ડૉ. સૌ. ભારતીબહેન શેલત

[ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

## 'સ્વ'નું સંશોધન

પૃથ્વીની ઉત્પત્તિ થઈ ત્યારથી માનવીની આધ્યાત્મિક ખોજ શરૂ થઈ છે જે હજી પણ ચાલુ રહી છે અને રહેશે. બ્રહ્માંડનું સ્વરૂપ અને એના કર્તાનો પરિચય પામવો એ બહુ કઠિન સાધના છે, પણ એ સહેલી છે, કારણ કે જે પિંડે છે તે બ્રહ્માંડે છે તેથી 'સ્વ'ને કાજે પણ કરો-વિચારો. સ્વ અને પરનો ભેદ ત્યજી દઈ જગત સાથે એકરૂપ થવાનો પ્રયાસ કરવો એ અધ્યાત્મસાધના છે. અલબત્ત, 'સ્વ'ની ઓળખ માટે જ મનુષ્યને સહુથી વિશેષ સમય લાગે છે. સાધના અંતર અને બાહ્ય બે રીતે કરવાની હોય છે. વિજ્ઞાનની મદદથી બાહ્યસૃષ્ટિનાં અંતરંગ પામી શકાય, પણ માનવીની અંદરની જાણકારી. જેવી કે મન બુદ્ધિ આત્મા ઇન્દ્રિયો વગેરેની પૂરી સમજ એટલી સરળ નથી. આજે વિજ્ઞાન બધી રીતે આગળ વધ્યું હોવા છતાં માનવી માનવી તરીકે અપૂર્ણ રહ્યો છે એનું કારણ 'સ્વ'ના સંશોધનની ઊણપ છે.

— વિનોબા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ પૂંઠી ૨ થી ચાલુ ]

ખરું જ કહ્યું છે કે ઉદાત્ત કરુણા પોતાના અને પરાયાના બન્નેના જીવનમાં ચમત્કાર સર્જે છે.

કે. 'જ્ઞાનલોક', પ્લૉ.-૩૪, સે ૧૯, — (ડૉ.) ગોવર્ધન શર્મા,
ગાંધીનગર-૩૮૨૦૧૯ ડૉ. ભાવના મહેતા

સંદર્ભ : ૧. જગદીશસિંહ ગેહેલોત : મારવાડકા ઈતિહાસ
૨. બદરીપ્રસાદ સાકરિયા : મુંહતા નૈણસીરી ખ્યાત
૩. રામનારાયણ દૂગડ : બાંકીદાસ-ગ્રંથાવલી

[ અનુસંધાન પા. ૮ થી ]

"સજીવ વ્યક્તિગત પત્રો વાંચવાનો જે આનંદ નથી લેતું તેના માટે આવા પત્ર વાંચવાથી એમને ઉત્સાહ નથી થતો ? પરંતુ એ તમને વધુ વાંચવા ગમે તેવા પત્ર લખવા ઉત્સાહિત કરશે. ૧૨ આચાર્ય કિશોરીદાસ વાજપેયીએ પણ મહાન વિભૂતિઓના પત્રોનું મહત્ત્વ વ્યક્ત કરતાં યોગ્ય જ લખ્યું છે :

"અતિ દુરૂહ વિસ્તૃત જીવન જો ગ્રંથો મેં હૈ નહી સમાતા,
વહી કિસીકે એક પત્રમેં જ્યોંકા ત્યોં પૂરા બંધ જાતા." ૧૩

આમ મહાપુરુષોના પત્રો એ એમના ચરિત્રનાં ચારુતમ ચિત્રો છે, માનસ-મહેરામણનાં મોંઘેરાં મોતી છે.

કે. 'પ્રીતદીપ', ૧, સિદ્ધાર્થ ટેનામેન્ટ્સ, સત્યસાંઈ સ્કૂલ પાસે, જામનગર-૩૬૧૦૦૮

## સંદર્ભ સંકેત

૧. પુરોવચન અને વિવેચન, ગુર્જર (અમદાવાદ), પ્ર. આ ૧૯૬૫, પૃ. ૨૩૧
૨. કૉમ્પ્ટન્સ પિક્ચરિક એનસાઇક્લોપીડિયા ઍન્ડ ફેક્ટ-ઇન્ડેક્સ, વૉ. ૮
૩. નંદકિશોર તિવારી (સંપા.), ચાંદ પત્રવિશેષાંક, ૧૯૨૮, સંપા. લેખ, પૃ. ૩
૪. આ પત્રના વિસ્તૃત વિવરણ માટે જુઓ :
પત્રલેખનકલા, પં. બનારસીદાસ ચતુર્વેદી, પ્ર. આ. પૃ. ૧૨.
૫. આ પત્ર અંગે વધુ માહિતી માટે જુઓ : નવભારત ટાઇમ્સ, મુંબઈ, પૃ. ૧.
૬. ટી. એન. જગદીશન, 'લેટર્સ' ઑફ શ્રીનિવાસ શાસ્ત્રી, ૨૯ મે, ૧૯૭૬, એશિયા પબ્લિશિંગ હાઉસ, મુંબઈ, ૧ લી આવૃત્તિ, ૧૯૪૪, પ્રસ્તાવના, પૃ. ૭
૭ બનારસીદાસ ચતુર્વેદી (સંપા.), સ્વર્ગીય વાસુદેવશરણ અગ્રવાલકે પત્ર (લેખ), સંમેલન પત્રિકા, ભાગ ૫૨, પૃ. ૩૦
૮. જુઓ : બાપુકે પત્ર-કુમારી પ્રેમાબહેન કંટકકે નામ, નવજીવન પ્રેસ, અમદાવાદ, પૃ. ૧૨.
૯. જુઓ બાપુકે પત્ર-બજાજ પરિવારકે નામ, સસ્તા સાહિત્ય મંડલ, દિલ્હી, સંપા., પૃ. ૮.
૧૦. મહેન્દ્ર મેઘાણી (સંપા.), લિ સ્નેહાધીન મેઘાણી, પ્ર. આ. ૧૯૪૮, પૃ ૭૫
૧૧. ચિ. ચંદનને, વોરા ઍન્ડ કમ્પની, મુંબઈ, પ્ર આ., ૧૯૫૮, પૃ ૧૪
૧૨. જુઓ પાદટીપ ૨.
૧૩ સાહિત્યિકોકે પત્ર, હિમાલય એજન્સી, કનખલ, પ્ર. આ , ૧૯૫૮, પ્રસ્તાવના, પૃ ૧

મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી, કે. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૮-૧૯૯૦
મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
પૂઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર, માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દસમો શાલિગ્રામ

ભારતની જનતા કર્મફળની અનિવાર્યતા માનતી-સ્વીકારતી આવી છે. જન્મ-જન્માંતરનાં કર્મફળ અને સંસ્કાર પ્રમાણે વ્યક્તિ વર્તમાન અવસ્થાને પામે છે, એક વ્યક્તિએ પોતાનાં કર્મોનાં ફળ ભોગવવાં જ પડે છે, આ માન્યતા ઘણી રૂઢ થઈ ગઈ છે. આપણા આચાર-વિચાર પણ એનાથી પ્રભાવિત થતા રહ્યા છે. વળી એના કારણે જ આપણા જીવનમાં ઘણાં નિષેધાત્મક તત્ત્વો પણ ઘૂસી ગયાં છે; જેમકે આપણે માનીએ છીએ કે કોઢ જેવો રોગ પૂર્વ-જન્મના પાપનું પરિણામ છે; બેશક આ રોગ ઘણો જુગુપ્સાજનક છે. આ રોગ બાબત ભયંકર આતંક અને ઘણા ભ્રમ ફેલાયેલા છે. આપણે કોઢીના પડછાયાથી પણ દૂર ભાગીએ છીએ. પરંપરા અને લોક-કથાઓ દ્વારા જાણવા મળે છે કે કોઢીને એના કુટુંબના સભ્યો પણ ત્યાગી દેતા હોય છે.

એવો જ એક કોઢી હતો. નામ હતું પીઠવો. એ ચારણ હતો. પરિવારથી ત્યક્ત. ગામથી નિષ્કાસિત. 'મારા પૂર્વ-જન્મનાં પાપોને કારણે હું મહા રોગી થયો છું' એવું માની પીઠવો રોગને મટાડવા અનેક પ્રકારના ઉપાય અને ઉપચાર કરવા લાગ્યો, તીર્થોમાં ભટકતો ફર્યો, વિભિન્ન નદીઓમાં સ્નાન કરતો રહ્યો, અનેકાનેક અનુષ્ઠાન કરાવતો રહ્યો, જુદા જુદા દેવો અને પીરોની માનતા માનતો રહ્યો, છતાં પણ એને રોગથી મુક્તિ મળી નહિ, બધા જ ઉપાય નિરર્થક–નાકામયાબ રહ્યા !

એક દિવસ પીઠવો રાવળ મલ્લિનાથજીના નાના ભાઈ જૈતમાલજીને મળવા એમને ઘેર જઈ પહોંચ્યો. ચારણને પોતાના ઘેર આવેલો જોઈ જૈતમાલ એને ભેટવા હાથ ફેલાવી આગળ વધ્યા. પીઠવો સ્તબ્ધ થઈ એકદમ પાછળ ખસવા લાગ્યો અને બોલી ઊઠ્યો : "હું મહારોગી છું. બધાં મારાથી દૂર દૂર ભાગે છે. ઘર અને ગામનાં લોકો મને પરકો ગણે છે આવા રોગી શરીરે હું આપને કેવી રીતે ભેટી શકું ?" આમ બોલતાં ચારણે નિસાસો નાખ્યો.

પીઠવા ચારણની વ્યથાની તીવ્રતા અને યથાર્થતાની વિભીષિકાએ જૈતમાલના હૃદયમાં અપાર અનુકંપા જગાવી. એ વિચારવા લાગ્યા : 'પીઠવાને આવો રોગ થયો, પણ એમાં એનો શો દોષ ? કેટલું સહન કરવું પડે છે આ બિચારા ચારણને ! અરે, એ પણ એક માણસ છે, સમાનનો અધિકારી છે. પોતાની પીડા તો એને પોતાને એકાંતિક રૂપથી ભોગવવી જ પડે છે. શું આપણે એને થોડી સહાનુભૂતિ પણ ન આપી શકીએ ? હું એની પીડા ઓછી કરી શકું એમ તો નથી, તો હું એની ઉપેક્ષા કરી એની વેદનામાં વધારો તો નહિ જ કરું !' જૈતમાલ હસતા હસતા પીઠવાને ભેટવા આગળ વધ્યા અને બોલ્યા : "જો ધર્મમાં મારી દૃઢ શ્રદ્ધા હશે તો મારું કાંઈ બગડશે નહિ, મને કંઈ થશે નહિ. તું મારા ભાઈ જેવો છે. જો ભાઈ ભાઈને ન ભેટે તો કોને ભેટે ?" એટલું કહી જૈતમાલ સ્તંભિત ચારણને પ્રેમપૂર્વક ભેટી પડ્યા.

કહેવાય છે કે જૈતમાલજીના ભેટવાથી ચારણનો કોઢ અલોપ થઈ ગયો પીઠવા ચારણે જૈતમાલને 'દસમા શાલિગ્રામ' કહી સંમાન્યા અને ગદ્-ગદ સ્વરે એમની બિરદાવલિ ગાઈ :

"દસમો શાલિગ્રામ સદૈવત, દિન તિણુ પીઠવ વિરદ દિયો."

આ દંતકથાને કવિરાજ બાંકીદાસની રચના 'સુપહ–છતીસી'માં પણ વાચા મળી છે :

"પાવન હુઓ ન પીઠવૌ, ન્હાય ત્રિવેણીનીર ।
હેક જૈત મિળિયાં હુવૌ, સો નિકળંક શરીર ॥"

(ત્રિવેણીજળમાં સ્નાન કરવા છતાં જે પીઠવો પવિત્ર થયો નહિ તે એક જૈતમાલના ભેટવાથી નિષ્કલંક શરીરવાળો થઈ ગયો)

[અનુસંધાન પા. ૪ પૂંઠીમાં]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ અત્રે મોકલવી.

○ 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ સાહિત્યિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

○ પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

○ કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

○ **કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.**

○ 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો–અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

○ અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

○ નમૂનાના અંકની નકલ માટે ૩–૫૦ ની ટિકિટો મોકલવી.

**મ.ઓ. ડ્રાફ્ટ પત્રો લેખો**
**પથિક કાર્યાલય, મધુવન, એલિસબ્રિજ અમદાવાદ-૩૮૦૦૦૬**

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

તંત્રી-મંડળ( ) વાર્ષિક લવાજમ : દેશમાં રૂ.૩૦/-
પ્રો.કે. કા. શાસ્ત્રી ( ) વિદેશમાં રૂ. ૧૧૧/-, છૂટક રૂ. ૪/-

૨. ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ૩. ડૉ. ભારતીબહેન શેલત

વર્ષ ૨૯ મું] શ્રાવણ, સં. ૨૦૪૬ : ઑગસ્ટ, સન ૧૯૯૦ [અંક ૧૧

## અનુક્રમ

| | | |
|---|---|---|
| દસમો શાલિગ્રામ | ડૉ. ગોવર્ધન શર્મા | મુ.પૃ. ૨ |
| આપણાં રાષ્ટ્રિય પ્રતીકો | શ્રી દીપક જગતાપ | ૩ |
| મહાપુરુષોના પત્રોનું મહત્ત્વ | ડૉ. કમલ પૂંજાણી | ૬ |
| 'દ્રંગ' અને 'દ્રાંગિક' | શ્રી હસમુખ વ્યાસ | ૯ |
| જૂનાગઢના બાબી નવાબોની ધર્મ-સહિષ્ણુતાની નીતિ | પ્રો. એ. એમ. કીકાણી | ૧૦ |
| અહમદશાહ ૩ જો | શ્રી. શંભુપ્રસાદ હ. દેસાઈ | ૧૫ |
| આર્થિક વિકાસનું બાધક પરિબળ | ડૉ. મહેશચંદ્ર પંડ્યા | ૧૭ |
| કચ્છનાં રુદ્રાણી જાતા | શ્રી. મનસુખ સ્વામી | ૨૨ |
| રાષ્ટ્રનો સ્વાતંત્ર્યસંગ્રામ | પ્રા. દાજીસિંહ વાઘેલા | ૨૪ |
| ઐલ ગૌરાંગો કિંવા કહેવાતા આર્યો(?)નું મૂલ્ય સ્થાન(ગુજ.અનુવાદ) | શ્રી.એફ. ઈ. પાર્જિટર | ૨૯ |

## વિનંતિ

વાર્ષિક ગ્રાહકોએ પોતાનું કે પોતાની સંસ્થા કૉલેજ યા શાળાનું લવાજમ રૂ. ૩૦/- હજી ન મોકલ્યું હોય તો સત્વર મ.ઓ.થી મોકલી આપવા હાર્દિક વિનંતિ. **સરનામામાં ગોળ વર્તુલમાં પડેલા અંક કયા માસથી ગ્રાહક થયાનું કહે છે. એ માસ પહેલાં લવાજમ મળવું અભીષ્ટ છે.** અગાઉનાં લવાજમ એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેઓ પણ સવેળા મોકલી આપવા કૃપા કરે. અંક હાથમાં આવે એ ગાળામાં લવાજમ મોકલી આપનારે આવા વર્તુલને ધ્યાનમાં ન લેવા વિનંતિ.

'પથિક'ના આશ્રયદાતા રૂ. ૧૦૦૧/-થી અને આજીવન સહાયક રૂ. ૩૦૧/-થી થવાય છે. ભેટ તરીકે પણ રકમો સ્વીકારવામાં આવે છે. સ્વ. શ્રી. માનસંગજીભાઈના અને 'પથિક'ના ચાહકોને 'પથિક કાર્યાલય'ના નામના મ.ઓ. કે ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતિ. આ છેલ્લી બે પ્રકારની તેમ રૂ. ૫૦ થી લઈ આવતી વધુ ભેટની રકમ અનામત જ રહે છે અને એનું માત્ર વ્યાજ જ વપરાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# ઇતિહાસ એક અચ્છો શિક્ષક, માર્ગદર્શક છે.


અતીતની એક આખી પેઢી જીવનની પાયાની ત્રણ બાબતોને આધારે ભર્યું ભર્યું જીવી ગઈ :

૧. ભૂતકાળનું ગૌરવ

૨. વર્તમાનની પીડા

૩. ભવિષ્યનું સ્વપ્ન

સાંપ્રતમાં જીવતા આપણા સૌ ઉપર આવનારી પેઢીની અનાગત જવાબદારી છે.



આપણે ઇતિહાસ પાસેથી મન-બુદ્ધિ-ની આંખ ખુલ્લી રાખી કંઈ ભણી શકીએ ?



કાન ખુલ્લા રાખી ઇતિહાસ પાસેથી માર્ગદર્શન મેળવી શકીએ ?
જીવી શકીએ ?

આ દિશાના પ્રયત્નો કરીએ તો આવનારો સમય ઉજ્જવળ છે.
સૌજન્ય :

## એક્સેલ ઇન્ડસ્ટ્રીઝ, લિ.

૬/૨ રૂવાપરી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૨૫૩૨૨-૨૩-૨૪




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણાં રાષ્ટ્રિય પ્રતીકો

**રાષ્ટ્રનાં ગૌરવ અને શાન સમાં**

**શ્રી દીપક જગતાપ**

૧૫ મી ઑગસ્ટ, ૧૯૪૭ની મધરાતે હિંદ ભારત તરીકે ગુલામીની જંજીરોમાંથી મુક્ત થયું તે દિવસે સ્વતંત્ર ભારતની પ્રજાએ મુક્તિનો પહેલો શ્વાસ લીધો. રાષ્ટ્રિય આઝાદીની લડતમાંથી જેનો પ્રાદુર્ભાવ થયો તેવાં આપણાં ત્રણ રાષ્ટ્રિય પ્રતીકો (૧) રાષ્ટ્રધ્વજ, (૨) રાષ્ટ્રગીત અને (૩) રાષ્ટ્રિય મુદ્રાને સ્વીકારવામાં આવ્યાં.

**આપણો રાષ્ટ્રધ્વજ :** ૨૨ મી જુલાઈ, ૧૯૪૭ ના રોજ આપણા ત્રિરંગી રાષ્ટ્રધ્વજનો સ્વીકાર થયો એ પહેલાં ૧૯૦૬ થી ૧૯૩૧ દરમ્યાન જુદા જુદા પ્રકારના પરિવર્તિત થયેલા રાષ્ટ્રધ્વજોનો ઇતિહાસ પણ જાણવા જેવો છે.

ઈ.સ. ૧૯૦૬ માં આપણો રાષ્ટ્રધ્વજ ત્રિરંગો હતો, પરંતુ એમાં કેસરી પટ્ટામાં ૮ તારા અને મધ્યના સફેદ પટ્ટામાં 'વંદેમાતરમ્'નું લખાણ તથા છેક નીચેના પટ્ટામાં જમણી બાજુને ચંદ્ર તથા ડાબી બાજુને સૂર્યથી અંકિત કરતા ત્રિરંગા ભારતીય રાષ્ટ્રધ્વજ તરીકે ઇંગ્લેન્ડ અને ફ્રાન્સમાં વસતા ભારતીયોએ સૂચવ્યો હતો, પરંતુ એનો સ્વીકાર થયો નહિ.

એ પછી ૧૯૧૬ માં હોમરૂલ લીગની ચળવળ દરમ્યાન લાલ અને લીલા રંગનો દ્વિરંગી ધ્વજ અમલમાં આવ્યો, જેમાં લાલ રંગના પાંચ અને લીલા રંગના ચાર પટ્ટા હતા. એમાં રીંછનું ચિહ્ન અને ઉપરની ડાબી બાજુએ યુનિયન જેકનું પ્રતીક હતું.

એ પછી ૧૯૨૧ માં અખિલ હિંદ કોન્ગ્રેસ સમિતિનું અધિવેશન વિજયવાડા મુકામે મળ્યું ત્યારે ગાંધીજીએ સફેદ લીલા અને લાલ રંગના પટ્ટાવાળા ત્રિરંગી નવા ધ્વજનું સૂચન કરેલું, જેની મધ્યમાં રેંટિયાનું નિશાન હતું, પરંતુ કોન્ગ્રેસે એનો સ્વીકાર કર્યો નહોતો

ઈ.સ. ૧૯૩૧ માં કોન્ગ્રેસની કરાંચીમાં મળેલ કાર્યકારી સમિતિએ કેસરી રંગ ઉપર ડાબી બાજુએ રેંટિયાના નિશાનવાળા નવા ધ્વજનું સૂચન કરેલું, પરંતુ એનો પણ સ્વીકાર થયેલો નહિ, છેવટે ઑગસ્ટમાં કેસરી સફેદ અને લીલા રંગના ત્રણ પટ્ટાવાળો ૩/૨ ના પ્રમાણનો લંબાઈ પહોળાઈના ફેરફાર સાથે તૈયાર કરવામાં આવ્યો. મુંબઈ ખાતે મળેલ અખિલ ભારતીય કોન્ગ્રેસ સમિતિએ આ ધ્વજનો કાયદેસર રીતે સ્વીકાર કર્યો. ૧૯૩૨ ની ૨૬ મી એપ્રિલનો દિવસ 'રાષ્ટ્રિય ધ્વજદિન' તરીકે ઊજવાયો હતો અને છેલ્લે પં. નહેરુએ ૧૯૪૭ની ૨૨ મી જુલાઈએ મધ્યમાં રેંટિયાને બદલે અશોકચક્રના નિશાનવાળો નવો ધ્વજ સૂચવ્યો, જેને બંધારણ-સભાએ બહાલી આપી.

વિશ્વના બધા સ્વતંત્ર દેશોને પોતપોતાનો રાષ્ટ્રધ્વજ હોય છે. ભારતનો પણ ત્રિરંગો રાષ્ટ્રધ્વજ છે.

**રાષ્ટ્રધ્વજ ક્યાં ક્યાં ફરકતો જોવા મળે છે :** રાષ્ટ્રધ્વજ દેશનાં બધાં સરકારી મકાનો, જેવાં કે વડી અદાલત, સચિવાલય, કમિશ્નર અને કલેકટરની કચેરીઓ પર તેમજ દેશની બહાર ભારતીય એલચી-કચેરીઓ પર ફરકતો જોવા મળે છે. સ્વાતંત્ર્યદિન તથા ગણતંત્રદિનની ઉજવણી પ્રસંગે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે.

**રાષ્ટ્રધ્વજ ફરકાવવાના નિયમ :**

૧) રાષ્ટ્રધ્વજ ફરકે ત્યારે કેસરી રંગ જ ઉપર હોવો જોઈએ.

૨) અન્ય કોઈ ધ્વજ રાષ્ટ્રધ્વજની જમણી બાજુએ કે એનાથી વધુ ઊંચાઈએ ફરકાવી શકાય નહિ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વળી, અન્ય ધ્વજો એક જ હારમાં જો ફરકાવવાના હોય તો બધા જ ધ્વજ રાષ્ટ્રધ્વજની ડાબી બાજુએ જ રાખવા જોઈએ.

૩) રેલી કે પરેડ વખતે રાષ્ટ્રધ્વજ કૂચ કરનારની જમણી બાજુએ રહે એમ રાખવો જોઈએ.

૪) સાંજે સૂર્યાસ્ત સમયે રાષ્ટ્રધ્વજ ઉતારી લેવો જોઈએ.

૫) રાષ્ટ્રધ્વજનો ઉપયોગ વેપાર ધંધા કે વ્યવસાયના હેતુ માટે ક્યારેય કરી શકાતો નથી તેમજ મોટરગાડી કે અન્ય વાહનો પર પણ રાષ્ટ્રધ્વજ ફરકાવી શકાતો નથી.

આમ, ઉપર્યુક્ત નિયમોનું પાલન ન થાય તો એ રાષ્ટ્રધ્વજનું અપમાન છે. રાષ્ટ્રધ્વજનાં ગૌરવ અને શાન જાળવવાં એ ભારત દેશના પ્રત્યેક નાગરિકની પવિત્ર ફરજ છે.

**રાષ્ટ્રધ્વજ કેવો હોવો જોઈએ** : આપણો રાષ્ટ્રધ્વજ લંબચોરસ આકારનો ત્રણ રંગના પટ્ટામાં વહેંચાયેલો છે. એની લંબાઈ પહોળાઈનો ગુણોત્તર ૩/૨ નો હોવો જોઈએ. દા.ત. ધ્વજની લંબાઈ ૧૨ સે.મી હોય તો પહોળાઈ ૮ સે.મી.ની હોવી જોઈએ. સૌથી ઉપરનો રંગ કેસરી, વચ્ચે સફેદ અને નીચે લીલા રંગનો પટ્ટો હોય છે. ખાસ પ્રકારના આ ત્રણેય રંગોનું ઐતિહાસિક મહત્ત્વ પણ છે : ૧. કેસરી રંગ શૌર્ય અને ત્યાગનું પ્રતીક છે, જે આઝાદીની લડતમાં દેશને માટે બલિદાન આપનાર વીરોનાં દેશભક્તિ અને સ્વાર્પણનું સતત સ્મરણ કરાવે છે. વચ્ચેનો સફેદ રંગ સત્ય અને પવિત્રતા, શાંતિ અને સાદગીનું પ્રતીક છે. એમાં વચ્ચે અશોકચક્ર હોય છે, વાણી અને કર્મમાં સચ્ચાઈ અને વિચારોમાં પવિત્રતાનું સૂચન સફેદ રંગ પ્રતિબિંબિત કરે છે, જ્યારે લીલો રંગ હરિયાળી અને આબાદીનું પ્રતીક છે. આપણો દેશ ખેતીપ્રધાન છે. ફળદ્રુપ જમીનમાં વધુ પાક લેવા આપણે સખત પરિશ્રમ કરવો પડશે. ગરીબી સામે લડવાને અને આબાદી પ્રાપ્ત કરવા માટે લીલો રંગ ખરેખર વિશ્વાસનું પ્રતીક છે. સફેદ રંગના પટ્ટાની વચ્ચે ઘેરા વાદળી રંગનું એક ચક્ર હોય છે. આ ચક્ર મૂકવા પાછળનું ચોક્કસ પ્રયોજન છે. એમ કહેવાય છે કે વારાણસી નજીક આવેલા સારનાથ મુકામે ભગવાન બુદ્ધે સૌ–પ્રથમ ઉપદેશ આપેલો એની યાદમાં સમ્રાટ અશોકે સ્તંભ બંધાવ્યો હતો, જે 'સમ્રાટ અશોકના સ્તંભ' તરીકે ઓળખાય છે. રાષ્ટ્રધ્વજનું આ ચક્ર અશોકના સ્તંભમાંથી લીધેલું છે. ચક્રનો વ્યાસ સફેદ પટ્ટાની પહોળાઈ જેટલો જ હોય છે. ચક્રમાં કુલ ૨૪ આરા છે. ચક્ર ગતિ અને પ્રગતિનું સૂચક છે. રાષ્ટ્રધ્વજનું આ ચક્ર સત્ય અને ધર્મના આચરણ દ્વારા લોકોને આગળ વધવાની પ્રેરણા આપે છે.

આ ધ્વજ ૧૯૪૭ની ઑગસ્ટે પંડિત જવાહરલાલ નહેરુએ સવારે ૮–૩૦ કલાકે લાલ કિલ્લા પરથી અઢીલાખ માનવમેદની વચ્ચે ફરકાવ્યો ત્યારે વિશાળ જનમેદનીને સંબોધતાં નહેરુએ જે શબ્દો ઉચ્ચાર્યા હતા તે અત્રે ટાંક્યા છે. નહેરુએ કહ્યું : "તમે સૌ હજારોની સંખ્યામાં આ ધ્વજને માન આપવા માટે ઉપસ્થિત થયાં છો, પરંતુ વિશ્વભરમાંથી લાખોની મીટ એના પર મંડાયેલી છે. દિલ્હી અને ભારતનાં તમામ ગામડાં અને શહેરો માટે ગઈ કાલથી જ એક નવો યુગ શરૂ થયો છે. છેલ્લે ૨૭ વર્ષથી આ ધ્વજની હેઠળ આપણે જે રીતે ઝઝૂમ્યા, શહીદ થયા એ વાત તમે સૌ જાણો છો. આજે તમારો કે મારો વિજય નહિ, પરંતુ સમગ્ર દેશનો આ વિજય છે. આપણી આઝાદી એશિયા ખંડના અન્ય દેશોની આઝાદી માટે રાહ ચીંધે છે. ખરેખર આજનો દિવસ માત્ર આપણા માટે જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વ માટે આનંદનો પર્વદિવસ બની રહે છે. તમે સૌ પ્રતિજ્ઞા કરો કે આપણે સૌ સાથે રહીશું, લોકોની આબાદી અને દેશની આઝાદીની વૃદ્ધિ માટે સખત પરિશ્રમ કરીશું."

હવે આપણે રાષ્ટ્રગીત વિશેની માહિતી જાણીએ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**આપણું રાષ્ટ્રગીત** : આપણા રાષ્ટ્ર માટે બે ગીતો રાષ્ટ્રિગીત તરીકે સ્વીકારવામાં આવે છે : (૧) કવિવર રવીંદ્રનાથ ટાગોરની રચના "જનગણ-મન..." અને (૨) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયરચિત "વંદેમાતરમ્." આ બંને સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે રાષ્ટ્રગીત તરીકે ગવાય છે. રાષ્ટ્રગીત એ પણ રાષ્ટ્રધ્વજની માફક એકતાનું પ્રતીક છે. 'જનગણ-મન'ના રચયિતા બંગાળી કવિ રવીંદ્રનાથ ટાગોર છે કે જેમની મહત્તમ સાહિત્યકૃતિ "ગીતાંજલિ"ના માટે એમને નોબેલ પારિતોષિક એનાયત થયું. એ ટાગોર માત્ર કવિ જ ન હતા, બલ્કે એક મહાન દેશભક્ત પણ હતા.

આપણું રાષ્ટ્રગીત ક્યારથી અમલમાં આવ્યું એ પણ જાણવા જેવું છે. બંધારણીય કારોબારીએ કયું રાષ્ટ્રગીત પસંદ કરવું એની ચર્ચા-વિચારણા બાદ ૧૯૫૦ ની ૨૪ મી જાન્યુઆરીના રોજ આ ગીતની પસંદગી થઈ. ખરેખર તો કવિવર ટાગોરનું મૂળ કાવ્ય ખૂબ લાંબું છે. એ કાવ્યમાં કુલ પાંચ કડી છે, પ્રત્યેક કડીમાં ૭ ૭ ચરણો એટલે કે કુલ ૩૦ ચરણોનું કાવ્ય છે, પરંતુ આપણા સ્વીકારેલા રાષ્ટ્રગીતમાં તો માત્ર પ્રથમ કડીને જ સ્થાન આપવામાં આવેલ છે. રાષ્ટ્રગીતની પ્રથમ કડી આ પ્રમાણે છે :

"જનગણ-મન-અધિનાયક જય હે, ભારત-ભાગ્યવિધાતા,
પંજાબ સિંધ ગુજરાત મરાઠા દ્રાવિડ ઉત્કલ બંગ,
વિન્ધ્ય હિમાચલ યમુના ગંગા ઉચ્છલ જલધિતરંગા,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે, ગાએ તવ જયગાથા,
જનગણ-મન-અધિનાયક જય હે, ભારત ભાગ્યવિધાતા, જય હે, જય હે, જય હે, જય જય જય હે."

૨૭ મી ડિસેમ્બર, ૧૯૧૧ ના રોજ કલકત્તા મુકામે મળેલ હિંદી રાષ્ટ્રિય મહાસભાના અધિવેશન પ્રસંગે આ રાષ્ટ્રગીત સૌ-પ્રથમ વાર ગવાયેલું. આ રાષ્ટ્રગીત આપણી માતૃભૂમિની પ્રશંસાનું ગીત છે. એ સહિષ્ણુતા અને રાષ્ટ્રિય એકતાનો સંદેશો પાઠવે છે. રાષ્ટ્રગીત ક્યારે અને કઈ રીતે ગવાય એના પણ ચોક્કસ નિયમો હોય છે, જેનું પાલન કરવાની પ્રત્યેક નાગરિકની પવિત્ર ફરજ છે :

(૧) ધ્વજવંદન અને રાષ્ટ્રગીત એકી સાથે જ થાય, ધ્વજવંદન રાષ્ટ્રગીતના ગાન સાથે થાય છે.

(૨) જ્યારે રાષ્ટ્રગીત ગવાતું હોય કે એની ધૂન ચાલતી હોય ત્યારે દરેક જણે સાવધાનની સ્થિતિમાં જ ઊભા રહેવું જોઈએ.

(૩) રાષ્ટ્રગીતના દરેક શબ્દનો અર્થ જાણવો જોઈએ તથા સાચી ઢબે ગાતાં શીખવું જોઈએ. ખોટા ઉચ્ચારે અને કઢંગી રીતે રાષ્ટ્રગીત ગાવું એ રાષ્ટ્રગીતનું અપમાન છે.

(૪) કોઈ પણ જગ્યાએ રાષ્ટ્રગીત ગવાતું હોય કે એની ધૂન ચાલતી હોય ત્યારે ત્યાં હાજર રહી, સાવધાનની સ્થિતિમાં ઊભા રહી, રાષ્ટ્રગીત પૂરું થાય ત્યાંસુધી રાષ્ટ્રગીત ગાઈને રાષ્ટ્રગીતનું ગૌરવ જાળવવું જોઈએ.

(૫) સમૂહમાં ગાન કરો ત્યારે રાષ્ટ્રગીત સંવાદી સૂરે અને ઉત્સાહથી ગાવું જોઈએ.

**આપણી રાષ્ટ્રિય મુદ્રા** : આપણા ચલણી સિક્કા કે રૂપિયાની નોટ ઉપર, સરકારી બધાં પુસ્તકો અને કાગળોમાં એની છાપ અવશ્ય જોવા મળશે. આ ચિહ્ન આપણી સરકારનો પ્રાણ છે.

સારનાથના સમ્રાટ અશોકના સિંહસ્તંભના શીર્ષભાગને રાષ્ટ્રિય-મુદ્રા તરીકે સ્વીકારવામાં આવેલ છે. રાષ્ટ્રિય મુદ્રામાં ત્રણ સિંહાકૃતિ જોવા મળે છે. જરા ધ્યાનથી નીચે જોશો તો ચક્રની ડાબી અને જમણી બાજુએ બે પ્રાણીઓની આકૃતિ દેખાશે. જાણો છો એ બે પ્રાણીઓ કયાં છે એ? ચક્રની ડાબી

[ અનુ. પાના ૬ નીચે ]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાન પુરુષોના પત્રોનું મહત્ત્વ

[ જ્ઞાન અને મનોરંજનની દૃષ્ટિએ ]

ડૉ. કમલ પૂંજાણી

સામાન્ય રીતે પત્રોને આપણે 'વ્યક્તિગત વસ્તુ' માનીએ છીએ, પરંતુ મહાન વ્યક્તિઓના પત્રો એ અર્થમાં વ્યક્તિગત નથી હોતા કે જે અર્થમાં સામાન્ય વ્યક્તિઓના પત્રો હોય છે. એટલા જ માટે એ પત્રો કાલાન્તરમાં પ્રકાશિત થાય છે અને પ્રકાશન ઉપરાંત એ 'સાહિત્યના સ્થાયી નિધિ' બની જાય છે.

વ્યક્તિવિશેષને સંબોધીને લખાયેલા હોવા છતાં મહાપુરુષોના પત્રોને આપણે 'સાહિત્ય' કેમ માનીએ છીએ, એ વિશે શ્રી રસિકલાલ પરીખ સમજાવે છે કે :

"...પત્રો એ વાતચીત, હળવું મળવું આદિની જેમ જીવનવ્યવહારનો જ એક ભાગ છે. આપણે એ સાહિત્ય જેવા લાગે છે, આપણે એને સાહિત્યમાં સ્થાન આપીએ છીએ એનું કારણ એના લખનારની સંસ્કારિતા છે...કેટલાકની બોલવાની રીત એટલી બધી સુંદર હોય છે કે એ બોલે ત્યારે આપણને એમ લાગે છે કે 'પવિત્રયતિ વાઙ્મધુ...'"[1]

---

[અનુ. પા. ૫ થી]

બાજુએ ઘોડાની આકૃતિ છે, જ્યારે જમણી બાજુએ બળદની આકૃતિ છે. તમને થશે કે આ બે જ પ્રાણી શા માટે લેવામાં આવ્યાં હશે? સાચા અર્થમાં રાષ્ટ્રિય મુદ્રા એ એક પ્રતીક છે. સિંહ એ સત્તા અને શક્તિનું પ્રતીક છે, જ્યારે ઘોડો ઊર્જા અને ગતિ તેમજ બળદ સખત પરિશ્રમ અને દૃઢતા સૂચવે છે.

મહાન સમ્રાટ અશોકનું લડાઈમાં હૃદયપરિવર્તન થયું ત્યારે એણે અહિંસા શાંતિ અને બંધુત્વનો પાઠ આપ્યો. સમ્રાટ અશોકના સિંહસ્તંભનો સ્વીકાર આજે પણ શાંતિ અને માતૃભાવ માટે વિશ્વાસ અને શ્રદ્ધા દર્શાવે છે. ચક્રની નીચે દેવનાગરી લિપિમાં **'सत्यमेव जयते'** સૂત્ર કોતરેલું જોવા મળે છે. આ સૂત્રનો અર્થ "સત્યનો સદા જય થાય છે" એવો થાય છે. ત્રણ ભાગમાં લખાયેલું અને બે ખંડમાં વહેંચાયેલું મુંડક ઉપનિષદમાંથી આ સૂત્ર લેવામાં આવેલું છે. આખરે સત્યનો રાહ જ દેશને પ્રગતિ અને આબાદીના માર્ગે લઈ જશે. આ બધા ગુણ દેશની પ્રજાએ કેળવવા જોઈએ. આ સદ્‌ગુણો જ કલ્યાણકારી વિશ્વનું નિર્માણ કરશે.

પરંતુ દુઃખની વાત તો એ છે કે આપણાં રાષ્ટ્રિય મૂલ્યોનું અવમૂલ્યન થતું જોવા મળે છે. પહેલાં સિનેમાઘરોમાં અંતમાં રાષ્ટ્રગીત ગવાતું હતું તે આજે ખેદ સાથે બંધ કરવું પડયું છે, જે બતાવે છે કે રાષ્ટ્રના નાગરિકોમાં રાષ્ટ્રિય મૂલ્યોનો અભાવ છે. આજે પણ સ્વાતંત્ર્યદિનની ઉજવણી માત્ર ઔપચારિકતા જ બની ગઈ છે. આપણાં રાષ્ટ્રિય મૂલ્યો જાણે ઘોવાઈ જતાં હોય એમ લાગે છે. રાષ્ટ્રગીત યોગ્ય રીતે ગવાતું નથી. ઉત્સાહ અને હાજરી ઝાઝાં જોવા મળતાં નથી. અરે, ૨૧ મી સદીમાં જવાની વાતો તો કરીએ છીએ, પરંતુ આજે પણ હજી ઘણાને રાષ્ટ્રિય પ્રતીકો અંગેનું પૂરતું જ્ઞાન નથી. જો આમ થશે તો રાષ્ટ્રનાં નીતિ તથા મૂલ્યો ઘવાશે. એ માટે આપણે સૌએ કટિબદ્ધ થવાની જરૂર છે. આપણે સૌ પ્રતિજ્ઞા લઈએ કે કોઈ પણ ભોગે અમે રાષ્ટ્રિય મૂલ્યોનું જતન કરીશું, એનાં ગૌરવ અને જ્ઞાનને ક્યારેય ખંડિત નહિ થવા દઈશું. અસ્તુ.

ઠે. સી–૩, ફોરેસ્ટ કૉલોની, વડિયા પૅલેસ, રાજપીપળા–૩૯૩૧૪૫



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ, જ્યારે કોઈ વિશિષ્ટ વ્યક્તિના પત્રો એના વ્યક્તિત્વની ગરિમાને લીધે સમસ્ત સમાજને પ્રેરિત અને પ્રભાવિત કરે ત્યારે એ અત્યંત મહત્ત્વપૂર્ણ અને સાહિત્યની અમૂલ્ય સંપત્તિ બની જાય છે. કોમ્પ્ટનના સચિત્ર વિશ્વકોશમાં આ તથ્યને લિપિબદ્ધ કરતાં કહેવામાં આવ્યું છે :

"કેટલાક પત્રોએ એઓના લેખકોનાં આકર્ષણ અને વ્યક્તિને એટલાં બધાં વ્યક્ત કર્યાં હોય છે કે એને જગતસાહિત્યના ભાગ તરીકે ગણવામાં આવ્યાં હોય છે."[2]

મહાન સાહિત્યકારોના પત્રો એમના ગ્રંથો કરતાં પણ વિશેષ મહત્ત્વપૂર્ણ હોય છે, કારણ કે એ પત્રોમાં ભાવનાઓનાં સ્પંદનો વિશેષ જોવા મળે છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના હૃદયોદ્‌ગારની સહજ અભિવ્યક્તિ જે રીતે 'છિન્ન પત્રાવલી'માં જોવા મળે છે તેવી અભિવ્યક્તિ આપણને એમની પ્રસિદ્ધ નવલકથા 'ગોરા'માં દેખાતી નથી.

પશ્ચિમના દેશોમાં, પ્રાચીનકાલથી જ, સાહિત્યકારો અને સાહિત્યેતર ક્ષેત્રોની વિભૂતિઓના પત્રોને ખૂબ જ મહત્ત્વ અપાતું રહ્યું છે. ગ્રીક સાહિત્યમાં વક્તૃતા અને અલંકારશાસ્ત્રનું શિક્ષણ પત્રો દ્વારા જ આપવામાં આવતું.[3] આજે પણ પ્લેટો, ઇસાક્રેટ્સ, એરિસ્ટોટલ વગેરે દાર્શનિકોના પત્રો ગ્રીક સાહિત્યની બહુમૂલ્ય સંપત્તિરૂપે સુરક્ષિત છે

અંગ્રેજીમાં પ્રચુર પત્રસાહિત્ય ઉપલબ્ધ છે. અર્લ ચેસ્ટરફીલ્ડ દ્વારા એના પુત્રને લખાયેલા પત્રો જ્ઞાન અને મનોરંજનની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ મનાય છે. એ જ રીતે વિલિયમ કૂપરના પત્રો પણ કવિતા જેટલા જ આનંદદાયક તથા ઉત્પ્રેરક છે.

માર્ક્સ અને એન્જલ્સ વચ્ચે થયેલો પત્રવ્યવહાર આપણી સમક્ષ એક અનોખી મૈત્રીનો આદર્શ ઉપસ્થિત કરે છે. કવીન્દ્ર રવીન્દ્ર તથા દીનબંધુ એન્ડ્રુઝ વચ્ચેનો પત્રવ્યવહાર પણ ઉત્કૃષ્ટ મૈત્રીની આપણને ઝાંખી કરાવે છે. ગુરુદેવ ટાગોરના દીનબંધુ પર લખાયેલા પત્રો 'લેટર્સ ટુ એ ફ્રેન્ડ' એ મથાળા હેઠળ પ્રકાશિત થયા છે. આ પત્રસંગ્રહના લગભગ બધી જ ભારતીય ભાષાઓમાં અનુવાદ પણ થયા છે.

વિશ્વપ્રસિદ્ધ રશિયન સાહિત્યકાર લિયો ટૉલ્સ્ટૉયે ઈ.સ. ૧૮૮૭માં ફ્રાંસીસી યુવક રોમાં રોલાંને એના પત્રના ઉત્તરમાં ૩૮ પાનાંનો જે આત્મીયતાપૂર્ણ પત્ર પાઠવ્યો હતો તે વાંચી રોમાં રોલાંની વિચારધારામાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું હતું. ટૉલ્સ્ટૉયનું 'વ્હૉટ ઈઝ ટુ બી ડન?' પુસ્તક વાંચી નવયુવક રોલાંના મનમાં પ્રશ્નોનો જે ઝંઝાવાત જાગ્યો હતો તે તરત જ પત્રપઠનથી શમી ગયો હતો અને એને અપૂર્વ સ્ફૂર્તિની અનુભૂતિ થઈ હતી. ટૂંકમાં, ટૉલ્સ્ટૉયનો એ પત્ર રોમાં રોલાંની સાહિત્ય-સાધના માટે ધ્રુવતારક સમાન બની ગયો હતો.[4]

ટૉલ્સ્ટૉયનો તારીખ ૭-૯-૧૯૧૦ ના રોજ મહાત્મા ગાંધી પર લખાયેલો પત્ર પણ સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો ગણાય છે. આ પત્રને વિદ્વાનો અને વિવેચકો 'અહિંસા પર વિસ્તૃત ભાષ્ય' માને છે.[5] આ પત્રને પોતાની પાસે રાખવા માટે લન્ડનના એક વેપારીએ ઈ.સ. ૧૯૭૬માં એક સંસ્થાને ૨૮૦૦ પાઉન્ડ ચૂકવ્યા હતા.

માનનીય શ્રીનિવાસ શાસ્ત્રીનું નામ 'ભારતના શ્રેષ્ઠ પત્રલેખક' તરીકે જાણીતું છે, એમના પત્રોનું સંપાદન શ્રી ટી.એન. જગદીશને કર્યું છે. 'લેટર્સ ઑફ શ્રીનિવાસ શાસ્ત્રી' નામે પ્રસિદ્ધ થયેલા એ સંગ્રહની પ્રસ્તાવનામાં સંપાદકે શ્રી શાસ્ત્રીજીના પત્રલેખન કલાનો પરિચય આ રીતે આપ્યો છે :

"શ્રી શાસ્ત્રી પત્રલેખનની કલાના સ્વામી છે. એમના મિત્રો જાણે છે કે એમની કલમમાંથી થોડી લીટીઓ ધરાવતું ટપાલનું પત્તું પણ સૌંદર્ય અને આનંદની સદાતન વસ્તુ છે."[6]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હિન્દીમાં અનેક મહાન વિભૂતિઓના પત્રો પુસ્તકરૂપે પ્રકાશિત થઈ ચૂકયા છે, જેમાં મહર્ષિ દયાનંદ સરસ્વતી, આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદી, પંડિત પદ્મસિંહ શર્મા, બનારસીદાસ ચતુર્વેદી, કવિવર નિરાલા, સુમિત્રાનંદન પંત, ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ, ડૉ. હરિવંશરાય બચ્ચન, મહાત્મા ગાંધી, આચાર્ય વિનોબા ભાવે વગેરે મહાપુરુષોના પત્રો વિશેષ ઉલ્લેખનીય છે.

શ્રી રામલાલ કપૂર ટ્રસ્ટ, અમૃતસર તરફથી 'ઋષિ દયાનંદ સરસ્વતી કે પત્ર ઔર વિજ્ઞાપન' શીર્ષક હેઠળ ચાર ખંડોમાં પ્રકાશિત થયેલા મહર્ષિના પત્રો ભારતીય નવજાગરણકાલના મૂલ્યવાન દસ્તાવેજ મનાય છે. પં. પદ્મસિંહ શર્મા તથા ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ 'પત્રલેખન કલાના આચાર્ય' તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. એમના પત્રોનું સંપાદન પં. બનારસીદાસ ચતુર્વેદીએ કર્યું છે. ડૉ. વાસુદેવશરણ અગ્રવાલના પત્રોનું મહત્ત્વ પ્રદર્શિત કરતાં એમણે લખ્યું :

"જિસ દિન સ્પષ્ટ અક્ષરોં મેં લિખા ગયા ઉનકા વિસ્તૃત પત્ર આતા થા, ઉસ દિન માનો સાત્ત્વિક, માનસિક ભોજન કા ભોજ હી હો જાતા થા ઔર મૈં અપને સાથિયોંકે સાથ પત્રકા ઉપભોગ કરતા થા."[૭]

મહાત્મા ગાંધીજીના પત્રો જીવનઘડતરનાં સર્વોચ્ચ સોપાનો જેવા છે. વિવિધ અંતેવાસીઓ તથા અનુયાયીઓને સંબોધીને લખાયેલા મહાત્માજીના પત્રો નવજીવન પ્રેસ, અમદાવાદ દ્વારા 'બાપૂ કે પત્ર' નામક ગ્રંથમાળા રૂપે પ્રકાશિત થયા છે, આ જ શીર્ષક હેઠળ બજાજ પરિવારને લખાયેલા પત્રોનો એક સંગ્રહ સસ્તા સાહિત્ય મંડલ, દિલ્હી તરફથી પણ પ્રગટ થયો છે. આમાંના મોટા ભાગના પત્રોનું સંપાદન શ્રી કાકાસાહેબે કર્યું છે. એ પત્રસંગ્રહોની પ્રસ્તાવના પણ એમણે જ લખી છે. કુમારી પ્રેમાબહેન કંટકને સંબોધીને લખાયેલા પત્રસંગ્રહની પ્રસ્તાવનાને 'તીર્થસ્નાન' શીર્ષક આપી શ્રી કાકાસાહેબે સૂચવ્યું છે કે પૂ. બાપુ જેવા મહામાનવના પત્રોનું પઠન કરવું 'તીર્થસ્નાન'નું પુણ્ય પ્રાપ્ત કરવા બરાબર છે.[૮] એ જ રીતે બજાજ–પરિવારને લખાયેલ પૂ. બાપુના પત્રોને એમણે 'સંતસંવાદ' સાથે સરખાવ્યા છે.[૯]

ગુજરાતીમાં પણ 'કલાપી' 'કાન્ત' 'ધૂમકેતુ' 'મેઘાણી' 'મુનશી' 'મહાત્મા ગાંધી' 'કાકા કાલેલકર'ના પત્રો પુસ્તકના રૂપમાં પ્રકાશિત થઈ ચૂકયા છે. આ પત્રસાહિત્ય પણ આપણને અનેકવિધ જ્ઞાન તથા અનેરું મનોરંજન પૂરું પાડે છે. ઉદાહરણરૂપે તા. ૬–૧૦–૪૪ ના રોજ શ્રી મેઘાણીભાઈએ શ્રી ઈશ્વર પેટલીકરને લખેલા પત્રનો આરંભિક અંશ જોઈએ :

"ભાઈશ્રી, લંબાયે જતી માંદગીને બિછાને પડયા પડયા તેમજ ઘરનાં માણસોની બિમારીની જંજાળો વચ્ચે આજે 'જનમટીપ' પૂરું કરતાં જે તૃપ્તિ અને મીઠાશ અનુભવ્યાં તેને વ્યક્ત કરવા આ લખું છું.

આ કૃતિ ગુજરાતી સાહિત્ય–દુનિયા સત્કારે કે ઉવેખે, પણ જે કોઈ એના વાચનની અસર હેઠળ આવશે તે એને ભૂલી નહિ શકે......"[૧૦]

એ જ રીતે પોતાની પુત્રવધૂ ચંદનને લખેલા શ્રી કાકાકાલેલકરના પત્રોમાં જ્ઞાન અને મનોરંજનની ભરપૂર સામગ્રી ભરેલી છે. કયાંક શ્રી કાકાસાહેબ "કૅમલ' પેન કેમ ચાલે છે?" એમ પૂછીને શ્લેષની ચમત્કૃતિ દર્શાવે છે, તો કયાંક–

"એક કાન ઉપર બન્નેનો ભાર પડયો એટલે એ હડતાલ પાડવા તૈયાર થયો, પણ એ હડતાલ અહિંસક નથી."[૧૧] એમ લખી દુઃખને વિનોદપૂર્વક હસી કાઢે છે.

મહાપુરુષોના આવા ઉત્પ્રેરક તથા આનંદદાયક પત્રોને ધ્યાનમાં રાખીને જ કૉમ્પ્ટનના સચિત્ર વિશ્વકોશમાં કહેવામાં આવ્યું છે :

[મુખ પૃષ્ઠ ૪ નીચે ચાલુ]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'દ્રંગ' અને 'દ્રાંગિક'

શ્રી. હસમુખ વ્યાસ

ગુપ્તસામ્રાજ્ય ભારતવર્ષના વિશાળ ફલક પર ફેલાયેલું હોવા છતાં એની શાસનપ્રણાલિ વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ હતી. સમગ્ર ગુપ્તસામ્રાજ્ય નાના મોટા અનેક પ્રાદેશિક એકમો—પેટા એકમોમાં વહેંચાયેલું હતું. આમાં સૌથી નાનો એકમ 'ગ્રામ' રહેતો. આ તમામ એકમોનો નાના-મોટા અનેક અધિકારીઓ પરસ્પર સંકલિત રહી વહીવટ ચલાવતા. ગુપ્તશાસનવ્યવસ્થાના ઘણા અંશો પછીથી સૌરાષ્ટ્રના વલભીના મૈત્રકોએ પણ અપનાવેલા. વલભીનાં દાનપત્રોમાં ઉલ્લિખિત અધિકારીઓમાં ગુપ્તશાસન-વ્યવસ્થાના ઘણા અધિકારીઓનો પદની દૃષ્ટિએ પણ ઉલ્લેખ આવે છે. પ્રસ્તુત લેખમાં આમાંના 'દ્રંગ'—'દ્રાંગિક'ની ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

મૈત્રક રાજા ધ્રુવસેન ૧ લાના એક ભૂમિદાનપત્રમાં રાજાએ ભૂમિદાનની સૂચના જે અધિકારીઓને આપેલ તેમાં 'દ્રાંગિક' નામના અધિકારીનો પણ સમાવેશ થયેલ છે.[૧] ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી 'દ્રાંગિક'ના મૂળમાં 'દ્રંગ' દર્શાવી એનો અર્થ 'શહેર' અને એનો વહીવટ કરનાર અધિકારી તે 'દ્રાંગિક' કરે છે.[૨] અર્થાત્ 'દ્રાંગિક' એટલે નગરનો સમગ્ર વહીવટ કરનાર પ્રમુખ અધિકારી. મોનિયર મોનિયર વિલિયમ્સે પણ 'દ્રંગ'નો અર્થ 'શહેર' કે 'નગર' કરેલ છે.[૩] એક મતાનુસાર આ શબ્દ જૈન સાહિત્યમાં સમાન અર્થમાં પ્રયોજાયેલ છે.

ગુપ્તસમય દરમ્યાન 'કર'ની પરંપરાગત સંખ્યા ૧૮ (અઢાર) હતી. આમાં 'ભૂમિકર' વિશેષ મહત્ત્વનો રહેતો. કેટલાક પ્રદેશોમાં એ 'ભાગકર' કહેવાતો, તો અન્યત્ર 'ઉદ્રંગ'. સામાન્ય રીતે આની માત્રા જમીનના પ્રકારાનુસાર ૧૬ થી ૨૫ ટકા સુધી રહેતી.[૪] એક મતાનુસાર ભૂમિનો છઠ્ઠો ભાગ અર્થાત્ છઠ્ઠા ભાગની ભૂમિની ઊપજ કરસ્વરૂપે વસૂલ કરાતી. 'રાજતરંગિણી'માં 'દ્રંગ'નો અર્થ 'પહેરો, ચોકી' થયેલ હોઈ[૫] એક વિદ્વાને 'ઉદ્રંગ'નો અર્થ એક પ્રકારનો 'ચોકીદાર-કર' થતો હોવાનું પણ દર્શાવ્યું છે.[૬] આ મતાનુસાર 'દ્રાંગિક'નો અર્થ 'ઉદ્રંગ' નામનો કર વસૂલ કરનાર અધિકારી થાય.

ગુહસેનના એક અભિલેખમાં મંડલી દ્રંગમાં આવેલ ત્રણ ગામોના દાનનો ઉલ્લેખ મળે છે. અહીં 'દ્રંગ'નો અર્થ 'ચોકી-પહેરો' ન થતાં 'એક જાતનો પ્રાદેશિક વહીવટી એકમ' થાય છે, જે સંભવતઃ આજના મહાલ કે તાલુકા જેવો હોઈ શકે. આમ, આવા વિભાગનો પ્રમુખ અધિકારી 'દ્રાંગિક' કહેવાતો હશે, જેને સ્થાનીય પ્રમુખાધિકારીની હેસિયતથી કરોની વસૂલાત કરવાની પણ સત્તા હશે. આનો 'ઔદ્રંગિક' તરીકે પણ ઉલ્લેખ થયેલ છે. સ્પષ્ટતયા આ શબ્દ 'દ્રંગ-ઉદ્રંગ'માંથી વ્યુત્પન્ન થાય છે. ગુપ્તકાલ દરમ્યાન 'ઉદ્રંગ' ભૂ-રાજસ્વનું એક મહત્ત્વનું પદ હોઈ 'ઉદ્રંગ' નામના કરની વસૂલાત કે એનો ઉપયોગ કરનાર—એની યોગ્ય વ્યવસ્થા કરનાર અધિકારી તે 'ઔદ્રંગિક' એવો અર્થ કરી શકાય.

ઠે. હાઈસ્કૂલ, જામકંડોરણા-૩૬૦૪૦૫

સંદર્ભો : ૧ ઈન્ડિયન ઍન્ટિક્વેરી, ૪, પૃ. ૧૦૫
૨ ડૉ. શાસ્ત્રી હરિપ્રસાદ, 'મૈત્રકકાલીન ગુજરાત'-ભા. ૨, પૃ. ૫૧૮-૧૯
૩ મોનિયર મોનિયર વિલિયમ્સ, 'સંસ્કૃત ઈંગ્લિશ ડિક્સનેરી,' પૃ. ૫૦૦
૪ ડૉ. મજુમદાર અને ડૉ. અલ્તેકર, 'વાકાટક-ગુપ્તયુગ,' પૃ. ૩૦૯
૫ 'રાજતરંગિણી' ૮, ૨૦૧૦
૬ ગૈતી, 'ઈકોનૉમિક લાઈફ ઑફ નૉર્થન ઈન્ડિયા', પૃ. ૩૫-૪૩



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૂનાગઢના બાબી નવાબોની ધર્મ-સહિષ્ણુતાની નીતિ*

[એક અભ્યાસ]

પ્રો. એ. એમ. કીકાણી

ઈ. સ. ૧૭૦૭માં શક્તિશાળી મુઘલ બાદશાહ ઔરંગઝેબનું મૃત્યુ થયું. ત્યારબાદ મુઘલ-તખ્ત પર આવેલા નબળા શાસકો સામ્રાજ્ય પર એકાધિપત્ય જાળવી ન શક્યા અને નબળી પડેલ મુઘલ-સામ્રાજ્યની ઇમારતના કાંગરા એક પછી એક ખરવા લાગ્યા.

સૌરાષ્ટ્રની દક્ષિણે આવેલ સોરઠનો પ્રદેશ (જૂનાગઢ રાજ્ય) પણ મુઘલસામ્રાજ્યનો એક ભાગ હતો, જેનો વિસ્તાર ૩૨૮૦ ચો. મા. હતો.[1]

મુઘલ ફોજદારો એના વહીવટનું સંચાલન કરતા હતા. ઈ. સ. ૧૭૪૦ માં મુઘલસત્તા અત્યંત નબળી પડી ગઈ. પરિણામે સોરઠનું વહીવટીતંત્ર પણ અસ્થિર બની ગયું હતું. આ સમયે બાબીઓ મુઘલોના ફોજદાર તરીકે જૂનાગઢમાં નોકરી કરતા હતા. એમાંના શેરખાન ઉર્ફે બહાદુરખાને મુઘલ સત્તાની ધૂંસરી ફગાવી, 'નવાબ'નું બિરુદ ધારણ કરી, મુઘલોથી સ્વતંત્ર બની જૂનાગઢમાં સ્વતંત્ર સોરઠ સરકારની સ્થાપના કરી.[2] ઈ. સ. ૧૭૪૭ થી ઈ. સ. ૧૯૪૭ એમ બે સદી સુધી બાબી વંશના નવાબોએ જૂનાગઢમાં શાસન કર્યું હતું અને આ વંશના છેલ્લા નવાબ મહોબતખાન ૩ જાએ જૂનાગઢનું પાકિસ્તાન સાથે જોડાણ કર્યું (તારીખ ૧૫-૮-૧૯૪૭) અને પછીથી માત્ર બે મહિના બાદ કેશોદથી વિમાન દ્વારા પાકિસ્તાન ચાલ્યા ગયા.[3]

સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે જૂનાગઢના મુસ્લિમ શાસકોએ પણ ભારતવર્ષના અન્ય મુસ્લિમ શાસકોની જેમ હિન્દુ પ્રજાને ભોગે મુસ્લિમોનું કલ્યાણ અને ઇસ્લામના પ્રચાર માટે ધર્માંતરને પ્રોત્સાહન આપ્યું હશે કે હિન્દુ દેવસ્થાનો ધર્મશાળાઓ મૂર્તિઓ ખંડિત કરી હશે. બાબીવંશના રાજવીઓ ચુસ્ત સુન્ની મુસ્લિમ જરૂર હતા, પરંતુ સાથોસાથ ધર્મસહિષ્ણુ પણ હતા અને પોતાની સમગ્ર હિન્દુ-મુસ્લિમ પ્રજા પ્રત્યે સમભાવથી વર્ત્યા હતા.

કાઠિયાવાડનાં દેશી રાજ્યોનું ભારત-સંઘમાં વિલીનીકરણ થયું ત્યારે કાઠિયાવાડમાં નાનાં મોટાં ૨૨૨ દેશી રાજ્ય હતા તેઓમાં જૂનાગઢ પ્રથમ વર્ગમાં પણ સૌથી મોટું રાજ્ય હતું.[4]

જૂનાગઢ રાજ્યના મુસ્લિમ શાસકોની સમભાવભરી નીતિના પાયાનાં કારણોમાં અકબરની ધર્મસહિષ્ણુતાની તથા સાથોસાથ સ્થાનિક પરિબળોની ઘેરી અસર હતી અને પ્રજાજીવનમાં શાંતિ જળવાઈ રહે એ માટે શાસકોએ સતત જાગૃતિ બતાવી હતી.

જૂનાગઢ રાજ્યમાં ૮૦% વસ્તી હિન્દુની તથા ૨૦% વસ્તી મુસ્લિમોની હતી.[5] રાજ્યના વહીવટી સંચાલન માટે સમગ્ર રાજ્યને ૨૦ મહાલોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું[6] તથા રાજ્યના વહીવટીતંત્રમાં હિન્દુઓનું પ્રમાણ પહેલેથી જ વિશેષ રહ્યું હતું. નવાબ બહાદુરખાને જૂનાગઢમાં બાબી શાસનની સ્થાપના કરી ત્યારથી દીવાન તરીકે નાગરોને રાખવામાં આવ્યા હતા તેમજ નાગરો વહીવટીતંત્ર સાથે વિશેષ સંકળાયેલ રહ્યા હતા.[7] હકીકતે જૂનાગઢ રાજ્યના વિકાસમાં નાગરોનું પ્રદાન સવિશેષ રહ્યું હતું અને એમણે નવાબોનો વિશ્વાસ સંપાદિત કર્યો હતો તેમજ રાજ્યને આર્થિક સંકટ સમયે નાણાકીય મદદ પણ નાગરોએ કરી હતી.[8] આમ શાસનની શરૂઆતથી જ હિન્દુઓના પ્રભાવ અને યોગ્ય સલાહને કારણે મુસ્લિમ નવાબોની સહિષ્ણુતામાં વૃદ્ધિ થઈ હતી તેમજ હિન્દુ અધિકારીઓના

*ગુજરાત ઇતિહાસ પરિષદના કલકત્તા અધિવેશનમાં વંચાયેલો નિબંધ, તા. ૨૬-૨-૮૮



For Private and Personal Use Only

સતત સંપર્કને કારણે નવાબોના પરિવારમાં તથા મુસ્લિમ સમાજના રીતરિવાજો પ્રણાલિકાઓ વ્યવહારો રૂઢિઓ ઉપર હિન્દુધર્મ તથા રીતરિવાજોની ખૂબ જ ઘેરી અસર પડી હતી.

જૂનાગઢનું વહીવટીતંત્ર કોમી ભાવનાની અસરથી મુક્ત રહ્યું હતું તેથી રાજ્યસેવામાં કોમી ધોરણે ભરતી કરવાના જૂના ખ્યાલને તિલાંજલિ આપી લાયકાતનું ધોરણ સ્વીકારવામાં આવેલ. સામાન્ય રીતે સિંધી બલોચ મકરાણી અરબ પઠાણ જેવી લડાયક કોમોમાંથી પોલીસ અને લશ્કરમાં ભરતી થતી, જ્યારે હિન્દુઓ વહીવટીતંત્રમાં જોડાતા હતા તેથી રાજ્યનીતિના ઘડતરમાં પણ સમાનતા સહિષ્ણુતા અને સમભાવનો ત્રિવેણીસંગમ થયો હતો. આમ જૂનાગઢની ગાદી સુન્ની મુસ્લિમ શાસકોના હાથમાં હતી, પરંતુ વહીવટ હિન્દુઓના હાથમાં રહ્યો હતો. એની અસર નીચે રહેલા નવાબોએ હિન્દુ-ઉત્સવોને પોતાના જ ઉત્સવ તરીકે સ્વીકારેલ તથા એમાં ઉલ્લાસપૂર્વક ભાગ લેતા હતા. હિન્દુ-મુસ્લિમ એવા ભેદ જૂનાગઢમાં નામશેષ બની ગયા હતા.

હિન્દુઓના તહેવારો, જેવા કે દિવાળી મકરસંક્રાંતિ હોળી નવરાત્ર દશેરા વગેરે ઉત્સવો, બંને કોમ ઊજવતી હતી. નવાબો પણ એમાં ભાગ લેતા હતા. ઈ. સ. ૧૭૭૪ માં નવાબ હામદખાન-૧ જૂનાગઢની ગાદી પર ૮ વર્ષની ઉંમરે આવ્યા ત્યારે એના જીવન પર અનેક સંકટો હતાં. ત્યારે દીવાન અમરજીએ એનું વાલીપદ સંભાળી એને રાજકારણનું જ્ઞાન આપ્યું તથા એના હક્કોનું રક્ષણ પણ કરેલ તેમજ હોળીનો ઉત્સવ મહેલમાં ઊજવી બાળ નવાબોને રંગેથી રમાડવામાં આવતા હતા,[૯] જેનું વિસ્તૃત વર્ણન સમકાલીન સારણીમાં જોવા મળે છે. એવી જ રીતે દિવાળીનો ઉત્સવ એ સમસ્ત પ્રજાનો ઉત્સવ હતો. મુસ્લિમો પણ એ ઊજવતા તથા મહેલ માટે ફટાકડા ખરીદવા બજેટમાં ખાસ જોગવાઈ હતી.[૧૦] દિવાળીના ચાર દિવસ રાજ્યના ખર્ચે ધામધૂમથી રાજ્યના બધા મહાલોમાં ઊજવવામાં આવતા ,હતા તેમજ હિન્દુ અધિકારીઓ દ્વારા ચોપડા-પૂજન અને લક્ષ્મીપૂજન કરવામાં આવતું હતું. નવા ચોપડાઓમાં કેસર કંકુના સાથિયા, શ્રીગણેશાય નમઃ, શ્રી ૧ા વગેરે લખવામાં આવતું[૧૧] તેમજ આ બધી જ વિધિ પુરોહિત દ્વારા કરાવવામાં આવતી.

મુસ્લિમ સમાજ રક્ષાબંધન, લગ્નપ્રસંગે મંડપારોપણ, માણેકસ્તંભ, ગ્રહ કે કુંડલીમાં, મુહૂર્તમાં વિશ્વાસ ધરાવતો નથી છતાં કોઈ પણ મુસ્લિમ રાજ્યમાં ન હોય તેવી પ્રણાલિઓ જૂનાગઢના મુસ્લિમ નવાબોએ અપનાવી હતી તેમજ એમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવતા હતા. જૂનાગઢના પ્રશ્નોરા નાગર કાશીનાથ જોશી જૂનાગઢ રાજ્યના રાજજ્યોતિષી હતા. એની પાસે રાજકુટુંબમાં જન્મેલા બાળકોની જન્મકુંડળી કરાવવામાં આવતી હતી. નવાબ રસૂલખાનના રાજ્યાભિષેક સમયે એઓને નવાબ મહોબતખાનનું સંતાન ગણવા કે નહિ એવો પ્રશ્ન અંગ્રેજોએ ઊભો કરેલ, ત્યારે રાજજ્યોતિષીએ રસૂલખાનની દોરેલ જન્મપત્રિકા રજૂ કરી હતી તથા રસૂલખાનને મહોબતખાનના કાનૂની પુત્ર તરીકે સ્વીકારવામાં આવેલા.[૧૨] મહોબતખાન-૨ ઈ. સ. ૧૮૭૭ માં દિલ્હીમાં દરબાર ભરાયેલ તેમાં ભાગ લેવા ગયેલ ત્યારે ત્યાં મૂહૂર્ત જોવા માટે કાશીનાથ જોશીને સાથે લઈ જવામાં આવેલ.[૧૩]

જૂનાગઢની વિશિષ્ટ અસ્મિતાને ટકાવી રાખવાની ભાવનાથી નવાબો ગુજરાત બહારના મુસ્લિમોને જૂનાગઢમાં નોકરી આપવાનું પસંદ કરતા ન હતા તેમજ છેલ્લા નવાબ મહોબતખાન-૩ સુધી એક પણ નવાબે ગુજરાત બહારની કન્યા સાથે લગ્નસંબંધ પણ બાંધવાનું પસંદ કર્યું ન હતું અને તેથી ૧૯૦૬ માં સ્થપાયેલ મુસ્લિમ લીગની અસર જૂનાગઢમાં થઈ ન હતી તેથી હિન્દુ તથા મુસ્લિમ બંને પ્રજાને રાજ્યમાં સમાન હક્ક મળ્યા હતા તેમજ દરેક કોમનાં દેવસ્થાનોને સમાન ધોરણે રાજ્ય તરફથી મદદ મળતી હતી. જૂનાગઢ રાજ્ય દાન-ધર્મ અને ખેરાત માટે પ્રસિદ્ધ હતું. દરેક મસ્જિદને લોબાન-બત્તી માટે અને મંદિરોને ધૂપ-દીપ માટે દર વરસે નિશ્ચિત રકમ મળતી હતી[૧૪] તેમજ મંદિરો-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ની પવિત્રતા જળવાઈ રહે તે તરફ રાજ્ય જાગ્રત હતું. [15] વળી જીર્ણ બનેલાં હિન્દુ યાત્રાસ્થળોનાં સમારકામ પણ રાજ્યના ખર્ચે કરવામાં આવતાં હતાં. [16] જૂનાગઢ રાજ્ય તરફથી અનેક સદાવ્રતો ચાલતાં હતાં. હિન્દુ સાધુઓ રાંધેલું અનાજ લેતા ન હતા તેઓને કોરો સીધો આપવાની જોગવાઈ કરવામાં આવી હતી. મંદિરો તથા ધર્માદા જગ્યાઓ દ્વારા પણ આવાં સદાવ્રતો ચાલતાં હતાં, જેને રાજ્યે ઉદારતાથી જમીનો તથા ગામડાંઓની ઊપજ ધર્માદા માટે આપી હતી. એના હક્કોના સેટલમેન્ટ માટે એલિયેશન ડિપાર્ટમેન્ટ ૧૮૯૭ માં શરૂ કરવામાં આવેલું. [17] જૂનાગઢ રાજ્યે ૩૭ ગામડાં હિન્દુ મંદિરોને ધર્માદા તથા સદાવ્રત માટે આપ્યાં હતાં [18]

કાઠિયાવાડનાં દેશી રાજ્યોમાં ખેરાત અને ધર્માદા માટે કદાચ જૂનાગઢ રાજ્યે સૌથી વધુ જમીન અને ગામડાં ફાળવ્યાં હશે તેમજ નવાબો અંગત રીતે પણ પુષ્કળ પ્રમાણમાં સમાનતાને ધોરણે ગુપ્ત દાન કરતા હતા, જેના હિસાબો ચોપડે લખાતા ન હતા, જેને અંગ્રેજ વહીવટકર્તાઓ સમજી શક્યા ન હતા,[19] પરંતુ હિન્દુ સમાજમાં ગુપ્ત દાનનો મહિમા વિશેષ છે.

હિન્દુઓની લાગણીને ધ્યાનમાં લઈ રાજ્યમાં ગોહત્યા ઉપર પ્રતિબંધ હતો[20] તેમજ રાજ્યની બહુમતી પ્રજાની લાગણી દુભાય નહિ એ બાબત રાજ્યકર્તાઓએ જાગૃતિ બતાવી હતી. તદુપરાંત શાસકો પોતે ગોપ્રેમી હતા. રસૂલખાનજીએ ઇન્દ્રેશ્વરમાં ગોશાળા બંધાવી આપી હતી.[21] નવાબ મહોબતખાન-૩ એ પોતાના મહેલમાં વિશાળ ગોશાળા બંધાવેલ તથા દરેક ગાયને "ગંગા" "જમના" જેવાં પવિત્ર હિન્દુનામ આપવામાં આવ્યાં હતાં.

એવી જ રીતે રાજ્યનો દરબાર ભરાય ત્યારે પ્રસંગોપાત્ત રાજ્ય તરફથી ઉત્સવ પ્રસંગે હિન્દુ મુસ્લિમ અમીરોને વારંવાર મિજબાની માટે નિમંત્રણો આપવામાં આવતાં હતાં. આ સમયે હિન્દુઓની ધાર્મિક લાગણી ન દુભાય એની કાળજી રાખવામાં આવતી હતી. બંને કોમોની બેઠકવ્યવસ્થા અલગ અલગ રહેતી (કરવામાં આવતી) તથા રસોડાં રસોયા પિરસણિયા અલગ રાખવામાં આવતાં. એનાથી પણ વિશેષ આગળ વધીને જૂનાગઢમાં સૌથી પહેલું પાશ્ચાત્ય પદ્ધતિનું દવાખાનું ૧૮૭૦ માં શરૂ થયું. જૂનાગઢની રૂઢિવાદી પ્રજા બહારનું પાણી અપવિત્ર ગણતી હતી તેથી દવા બનાવવા માટે ઘરનું પાણી લાવવાની પ્રજાને છૂટ આપવામાં આવેલ. [22] આમ પ્રજાની ધર્મભાવનાને ઠેસ ન પહોંચે એની કાળજી રખાતી હતી.

જૂનાગઢના નવાબોની સર્વધર્મસમભાવભરી નીતિને પરિણામે, એકમાત્ર પ્રભાસપાટણને બાદ કરતાં, સમગ્ર રાજ્યમાં ૧૯૨૫ સુધી કોમી પ્રશ્નો ઊભા થયા ન હતા. પ્રભાસપાટણ હિન્દુઓનું પવિત્ર યાત્રાસ્થળ હતું. સોમનાથ અને ત્રિવેણી નદી હિન્દુઓની શ્રદ્ધાનાં કેન્દ્ર હતાં, જ્યારે ત્રિવેણી નદી મુસ્લિમ માછીમારો માટે આજીવિકાનું સાધન હતી એમાંથી બંને કોમ વચ્ચે વિવાદ ઊભો થયેલ. આ બંને કોમના વિવાદને નિર્મૂળ કરવા માટે ઈ.સ. ૧૮૯૩ માં હન્ટર કમિશન દ્વારા તપાસ કરાવવામાં આવેલ તેમજ ૧૮૮૯ માં પણ જૂનાગઢ રાજ્યે પ્રયત્નો કર્યા હતા, [23] પરંતુ મૂળ પ્રશ્નનું નિરાકરણ ન થયું અને ૧૮૯૩ માં તાજિયાને પ્રશ્ને કોમી તોફાનો થયાં. [24] આવા દુઃખદ પ્રસંગે નવાબે તટસ્થ તપાસ કરી સર ફિરોજશાહ મહેતાના વડપણ નીચે ત્રણ ન્યાયાધીશો દ્વારા સમગ્ર કેસ ચલાવ્યો. આ અદાલતની બિન-મજહબી નીતિ સામે પાટણના મુસ્લિમોએ મુંબઈના ગવર્નરને અરજી કરી હતી તેમાં મુખ્ય ફરિયાદ એ હતી કે નવાબ હિન્દુઓના પ્રભાવ નીચે છે, [25] છતાં પણ જૂનાગઢના નવાબે આ પ્રકરણમાં કોઈ જ હસ્તક્ષેપ કર્યો ન હતો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૂનાગઢના શાસકો ધર્મે મુસ્લિમ હતા. જૂનાગઢની પ્રજાને પોતાની સમજી એમણે તટસ્થ અને સમભાવભરી નીતિનો અમલ કર્યો હતો. ગિરનાર પર્વત ઉપર હિન્દુઓનાં તેમજ જૈનોનાં ધાર્મિક સ્થળો આવેલાં છે. પર્વત ઉપર જવા માટે રસ્તો ઘણો જ ખરાબ હોવાથી પગથિયાં બનાવવાનો વિચાર હિન્દુઓએ કર્યો. એ માટે લોટરી કાઢવાની નવાબ બહાદુરખાન-૩ એ ૧૮૮૯ માં મંજૂરી આપી. ૨૬ ગિરનાર તથા એનાં પગથિયાં સાથે મુસ્લિમ પ્રજાને કોઈ સબંધ ન હતો. ગિરનાર ઉપર મુસ્લિમોનું કોઈ ધાર્મિક સ્થળ પણ નથી છતાં પણ ગિરનારનાં પગથિયાં માટેની લોટરી-સમિતિમાં અનેક મુસ્લિમો હતા તથા એના કમિશનર વજીર બહાઉદ્દીનભાઈ હતા. ૨૭ જૂનાગઢ રાજ્યની બિન-સાંપ્રદાયિક અને બિનમઝહબી વાદની નીતિના પરિણામસ્વરૂપ હિન્દુ-મુસ્લિમ વચ્ચે એકતાની સ્થાપના થઈ હતી. ગુજરાતી ભાષાના આદિ કવિ નરસિંહ મહેતાના ચોરાના નવનિર્માણ માટે ૧૯૦૫-૦૬ માં 'નૃસિંહ લોટરી' બહાર પાડવામાં આવેલ. આ લોટરીના કમિશનર જૂનાગઢના નવાબ રસૂલખાનજી પોતે હતા. ૨૮ આમ જૂનાગઢનાં હિન્દુ ધાર્મિક સ્થળોને પ્રત્યક્ષ તથા પરોક્ષ મદદ કરવામાં આવી હતી.

આમ, બાબી વંશના રાજ્યકર્તાઓની નીતિ સંપૂર્ણપણે ધર્મની બાબતમાં સહિષ્ણુતાભરી જોવા મળે છે. સ્વયં ચુસ્ત રીતે ઇસ્લામ ધર્મ પાળતા હતા, પરંતુ પોતાની બહુમતી હિન્દુ પ્રજાને એમની ઈચ્છાનુસાર ધર્મ પાળવાની સ્વતંત્રતા હતી. ઉપરાંત પ્રજાકલ્યાણની રાજ્યની નીતિમાં પણ બહુમતી પ્રજાના કલ્યાણ માટેના એમના પ્રયત્ન સવિશેષ રહ્યા હતા. પ્રજાનાં સુખ અને કલ્યાણ માટેની નવાબ-ની તટસ્થ નીતિને કારણે પ્રજા સુખ તથા સંતોષ અનુભવતી હતી અને પરિણામે જૂનાગઢ રાજ્યના શાસક ઈસ્લામ ધર્મ અને પ્રજા હિન્દુ ધર્મ પાળતી હતી. રાજવીઓની આ સહિષ્ણુ ધર્મનીતિ જ રાજ્યની પ્રગતિના પાયામાં હતી એમ જરૂર કહી શકાય.

ઠે. ઇતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦૦૦૫

## પાદનોંધ


૧. કડાકા ધનજી, "કાઠિયાવાડ ડિરેક્ટરી", ઈ.સ. ૧૮૮૬, પૃ. ૧૪૮

૨. પંડયા કાલિદાસ દે., "ગુજરાત રાજસ્થાન અથવા ગુજરાતનાં દેશી રાજ્યો", અમદાવાદ, પૃ. ૩૧૩

૩. દેસાઈ શં. હ., "જૂનાગઢ અને ગીરનાર', ૧૯૭૫, પૃ. ૨૬૦

૪. ડૉ. જાની એસ. વી., 'જૂનાગઢનો આરઝી હકૂમતનો ઈતિહાસ (અપ્રગટ મહાનિબંધ),' સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, પૃ. ૧

૫. વોરા યુ. કે., "જૂનાગઢનો ઈતિહાસ" ૧૮૯૮, આર્યોદય પ્રેસ, અમદાવાદ, પૃ. ૧

૬. જે. ડબલ્યુ. વોટ્સન. "સ્ટેટિસ્ટિકલ એકાઉન્ટ્સ ઑફ જૂનાગઢ," એજ્યુ. સોસાયટી પ્રેસ, મુંબઈ ૧૮૮૪, પૃ. ૧

૭. એજન, પૃ. ૭

૮. હસ્તપ્રત દફતર, નં. ૪, પત્ર નં. ૫, હજૂર નં. ૩૨૩૪૦, ફે. ૯૯/૧, જૂનાગઢ દ. ભંડાર

૯. દીવાન રણછોડજી, "તારીખે સોરઠ વ હાલાર," અનુ. દેસાઈ શં.હ., જૂનાગઢ, ૧૯૮૦, પૃ. ૧૧૧-૧૧૪

૧૦. હસ્તપ્રત દફતર નં, ૮, કો. ૩, પત્ર નં. ૬, હ. નં. ૫૦૩૯, ફે. ૨૩, ચોપડા નં ૭૨, જૂના. દ. ભંડાર

૧૧. હજૂર હુકમના ચોપડાનું દફતર, જૂના. દ. ભંડાર

૧૨. દેસાઈ શં હ., "જૂનાગઢ અને ગીરનાર," પૃ. ૧૮૧




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩. જોષી શંભુપ્રસાદ પાસેના મૂળ પત્રને આધારે.
૧૪. જ્ઞાન ગ્રાહક સભા માસિક, 'સૌરાષ્ટ્ર દર્પણ' ૧૮૮૦, પૃ. ૨૪, સૌ. નીતિપ્રકાશ પ્રેસ, જૂનાગઢ
૧૫. હસ્તપત્ર દ. નં. ૪, ફ. ૪, પત્ર નં. ૪ કે/૫ દીદ૫, ૧૫૮૮
૧૬. જૂના. રાજ્ય પ્રકાશિત–છપ્પનિયા દુષ્કાળનો અહેવાલ, સંપા. ઝાલા શુ. શુ. ૧૯૦૨, પૃ. ૬
૧૭. રાજ્યપ્રકાશિત–ગેઝેટ–'દસ્તૂરલ–અમલ–સરકાર,' ઑગસ્ટ, ૧૮૯૭
૧૮. રાજ્ય–પ્રકાશિત "સિનોપ્સિસ ઑફ ધ ઑફિસીઝ ઍન્ડ ડિપાર્ટમેન્ટ્સ ઇન ઍડ્મિનિસ્ટ્રેશન ઑફ ધ બાબી રૂલર્સ ઑફ જૂનાગઢ સ્ટેટ," ઈ. સ. ૧૯૦૩, પૃ. ૧૧૫
૧૯. ઍડ્મિનિસ્ટ્રેટિવ રિપોર્ટ્સ ઑફ જૂનાગઢ સ્ટેટ, ઈ.સ. ૧૯૧૧–૧૨, પૃ. ૫૮
૨૦. મહારાષ્ટ્ર દ. ભંડાર–વૉલ્યૂમ ૧૦૯/૧૮૯૨, ફાઈલ નં. ૨૯૧, પૃ. ૨૪
૨૧. દેસાઈ શં.હ., "પ્રકાશ અને પરિચય," ૧૯૮૦, જૂનાગઢ, પૃ. ૧૧૩
૨૨. રાજ્ય–પ્રકાશિત–'દસ્તૂરલ–અમલ–સરકાર', સપ્ટે. ૧૮૭૦ પૃ. ૫
૨૩. મહારાષ્ટ્ર દ. ભંડાર–વૉલ્યૂમ ૧૦૩–૪/૧૮૯૩, ફા. નં. ૧૭૭૬, પૃ. ૧૦૩
૨૪. તકરારી દફતર–જૂનાગઢ દ. ભંડાર
૨૫. પાદનોંધ નં. ૨૩ પ્રમાણે, પૃ. ૭૩૩
૨૬. રાજ્ય–પ્રકાશિત–'બાબી રૂલર્સ ઑફ જૂનાગઢ', ૧૯૦૩–પૃ. ૧૩૪
૨૭. ગિરનાર લૉટરી પત્રિકા,–૧ ઑક્ટો, ૧૮૮૯
૨૮. રાજ્ય–પ્રકાશિત–'દસ્તૂરલ–અમલ–સરકાર', ૧૯૦૫

---

[અનુ. પા. ૧૬ થી]

"સુલતાનના તાજનો ભપકો બહુ છે, પણ એમાં જિંદગીનું જોખમ છે. એના કરતાં મનને આનંદ આપે તે ટોપી છે કે જેનાથી શિર જતું નથી, સચવાઇ રહે છે."

સુલતાન અહમદશાહ ત્રીજો કુમારવયમાં ગાદીપતિ થયેલો અને માત્ર સાત વર્ષનું રાજ્ય કર્યું, પણ એ એક યા બીજા અમીરના કેદી જેવો હતો અને એને રાજતંત્રમાં ભાગ લેવા દીધો નહિ તેથી એ હલકા ચાકરો સાથે ખાવાપીવામાં સમય વ્યતીત કરતો. એને રાજમહેલની ખટપટોનો કાંઈ અનુભવ ન હતો તેમજ એને સારી શિખામણ આપે તેવો સલાહકાર પણ ન હતો. પરિણામે એનું કરુણ મૃત્યુ થયું અને તેથી જ 'મિરાતે સિકંદરી' એના મૃત્યુનું 'વર્ષ મકતલ શુદ બી ગુનાહ" "કોઈ પણ ગુના વગર નાને(નિર્દોષને) મારી નાખવામાં આવ્યો" એ શબ્દો ઉપરથી આપે છે.

એના સમયમાં ઈ.સ. ૧૫૬૦ માં ભરૂચના ચંગીઝખાને એના પિતા ઈમાદ–ઉલ–મુલ્કની કબર ઉપર એક સુંદર મકબરો બાંધ્યો એ એમાં મુકાયેલા શિલાલેખથી જાણવા મળે છે.

એ સિવાય સૌરાષ્ટ્રના લોલિયાણામાં ઈ.સ. ૧૫૫૫ માં મસ્જિદમાં સમારકામ કર્યાનો લેખ છે એ સિવાય કોઈ નોંધપાત્ર મકાનો બંધાયાનો ઉલ્લેખ નથી.

અહમદશાહને અમીરો નામના સુલતાન તરીકે બેસાડી ગુજરાતના સમૃદ્ધ રાજ્ય અને ખજાનો અંદર અંદર વહેંચી લીધાં અને ગુજરાતની સલ્તનતને પાયમાલ કરવાની હોડ કરી. આમાં માત્ર ઈત્તમાદખાનના નસીબે જોર કર્યું અને છેક સુધી એ બીજા અમીરોનું કાસળ કાઢી જીવતો રહ્યો.

ગુજરાતની ગાદી અહમદશાહના મૃત્યુથી ત્રીજી વાર વારસ વગરની ખાલી પડી.

ઠે. 'ઓજસ,' ટાઉનહૉલ સામે, સરદાર ચોક, જૂનાગઢ-૩૬૨૦૦૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહમદશાહ ૩ જો

(ઈ.સ. ૧૫૫૪ થી ૧૫૬૨)

શ્રી. શંભુપ્રસાદ હ. દેસાઈ

અમદાવાદનું નામ જેના નામ ઉપરથી પડ્યું તે અહમદશાહના પુત્ર લશ્કરખાનના પૌત્ર લતીફ-ખાનનો પુત્ર આ અહમદશાહ હતો. ગુજરાતની ગાદીના સ્થાપક મુઝફ્ફરશાહના વંશમાં કદાચ આ એક જ વારસ બાકી હતો. ઈ.સ. ૧૫૫૪ માં મહેમદાવાદમાં અમીરોએ એને ગુજરાતની ગાદીએ બેસાડ્યો. મિરાતે સિકંદરી લખે છે કે

"ઝ નેહસદ હંઝુન રફ્તે દર રાસ્ત યક
કઝા ગુફ્ત શેહરા કે બમુલ્ક લક."

"જ્યારે નવસો એકસઠ (હિજરી) વર્ષો પૂરાં થયાં ત્યારે સુલતાનને ભાગ્યે કહ્યું કે આ રાજ્ય તારું છે."

મહમુદ ત્રીજા પાસે એક હિન્દુ નોકર હતો તેણે એને ધર્માંતર કરાવી 'અબ્દલ કરીમ' નામ આપેલું. ધીરે ધીરે એ સુલતાનનો એટલો કૃપાપાત્ર થયો કે એને 'ઈતિમાદખાન'નો ઈલ્કાબ આપ્યો. મહમૂદના મૃત્યુ વખતે બુરહાનના કાવતરામાંથી બચી ગયેલો અને બીજા અમીરો મરાઈ જતાં એણે હઝરત સૈયદ તથા બીજા જે અમીરો બચી ગયેલા તેઓને કહ્યું કે સુલતાનની કોઈ પણ બેગમ સગર્ભા નથી એટલે રાહ જોવાની જરૂર નથી, માટે લતીફખાનના પુત્રને અમદાવાદથી લઈ આવી ગાદીએ બેસાડો. જ્યારે રઝી-ઉલ-મુલ્ક નામનો અમીર શોધવા ગયો ત્યારે અહમદ એના કુડતામાં બાજરી લઈ કબૂતરોને ખવરાવવા એક વાણિયાની દુકાને ઊભેલો. રઝી-ઉલ-મુલ્કે એને સાથે લીધો ત્યારે એની માએ રોવા અને રાડો પાડવા માંડી કે 'મારા દીકરાને આ અજાણ્યો માણસ લઈ જાય છે!' ત્યારે એને કહ્યું કે "એને એવા સ્થળે લઈ જવામાં આવે છે કે આવતી કાલે એના દ્વાર આગળ લોકો એકત્ર થશે, પણ કોઈને અંદર જવા રજા નહિ મળે."

બુરહાને લગભગ બધા અગ્રિમ અમીરોનો ઘાત કર્યો હતો એટલે વજીરાત ઈત્તિમાદખાનને આપવામાં આવી. સુલતાનની સગીર વય તેમ અનુભવના અભાવને કારણે તેમજ રાજવંશમાં એ ઊછર્યો ન હોવાથી સુલતાને કઈ રીતે રહેવું જોઈએ એની માહિતીના અભાવને કારણે ઈત્તિમાદખાને એને પૂર્ણ અંકુશમાં રાખ્યો અને પોતે સર્વસત્તાધીશ થઈ પડ્યો.

આ પછીનો ઈતિહાસ એ ગુજરાતના અમીરો, દરિયાખાન, હબશી નાસીર-ઉલ-મુલ્ક, આલમખાન અને સૈયદ મુબારક બુખારી વચ્ચેના કલહનો છે. આ અમીરો થોડો સમય શત્રુ થઈ સામસામા લડતા, વળી પાછા મિત્રો થઈ જતા, પણ એક વાતમાં એઓ સર્વે સહમત હતા: એમણે એઓની વચમાં ગુજરાતનું રાજ્ય વહેંચી લીધું હતું અને ખજાનાનો ભાગ પાડી લીધો હતો. આ સર્વમાં એક સૈયદ મુબારક બુખારી પ્રામાણિક હતો અને રાજ્યનું હિત કરવા પ્રયત્ન કરતો છતાં એણે પણ ગુજરાતના ભાગ વહેંચાયા તેમાં પાટણ ચાંપાનેર ખંભાત કપડવંજ વડોદરા વાડાસિનોર ધોળકા અને ધંધુકા પોતાના ભાગે આવતાં રાખી લીધેલાં.

ગુજરાતની સલ્તનત આમ નબળી પડતી હતી અને ત્યાં કોઈ સામનો કરે એમ હતું નહિ એમ માની બુરહાનપુરના સુલતાન મુબારકશાહે ચડાઈ કરી. આ સમાચાર સાંભળી અમીરોને ભય લાગ્યો અને એનો સામનો કરવા સૈયદ મુબારક બુખારીને જવા વિનંતી કરી તથા બીજા અમીરોએ સુલતાન મુબારકને સંદેશો મોકલી પોતે એમની મદદમાં રહેશે એવી ખાત્રી આપી. સૈયદ મુબારકને આ સમાચાર મળ્યા અને જઈને સૈયદ મુબારકે સુલતાન મુબારક સાથે વાટાઘાટ ચલાવી એને પાછો વાળ્યો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પછી આ અમીરો અંદર અંદર લડવા પ્રવૃત્ત થયા. એક વાર સૈયદ મુબારક બુખારી તથા ઈત્તિમાદખાન ઉપર નાસિર-ઉલ-મુલ્કના વતી અતકખાને હુમલો કર્યો, પણ એ માર્યો ગયો, ત્યાં નાસિર મોટું સૈન્ય લઈ આવી પહોંચ્યો અને ભયંકર યુદ્ધ થાય એમ હતું, પણ એનું સંખ્યાબળ જોઈ સૈયદ તથા ઈત્તિમાદખાન રણ છોડી ગયા.

નાસિર-ઉલ-મુલ્ક જન્મથી વાણિયો હતો, પણ ધર્માંતર કરી, 'નાસિર' નામ ધારણ કરી દરબારમાં અમીર થયો હતો તે સૈયદ મુબારક બુખારીનું કાસળ કાઢી નાખવા એની પાછળ કપડવંજ ગયો. સૈયદે ઓચિંતો છાપો મારી એને હરાવ્યો અને એ ચાંપાનેર તરફ નાસી ગયો, જ્યાં જંગલમાં રખડતો ભટકતો એ મરી ગયો.

એ વખતે દિલ્હીનો અમીર હાજીખાન, દિલ્હીમાં હુમાયુનો વિજય થતાં, એના સૈન્ય સાથે ગુજરાતમાં આવી પહોંચ્યો અને શેરખાન ફોલાદી એને મળી ગયો. ઈત્તિમાદખાન તથા ઈમાદ-ઉલ-મુલ્કને મોટી બીક લાગી. એમને એમ પણ થયું કે એ મુબારકશાહનો પક્ષ લે અને સુલતાન અહમદ નાસીને મુબારકશાહને ત્યાં આશ્રય લઈને રહ્યો છે તે અમને નુકસાન કરશે તેથી એઓ સેના સજ્જ કરી સૈયદ મુબારકશાહ સામે આવ્યા અને ઝપાઝપીમાં મરાઈ ગયા તથા એમનું લશ્કર પાછું ફરી ગયું. સુલતાન અહમદ એ પછી સામો થયો, પણ એને સફળતા મળી નહિ અને સૈયદ મુબારકનું જ્યાં રહેઠાણ હતું તે સૈયદપુર લૂંટી લેવામાં આવ્યું.

એ પછી ઈમાદ-ઉલ-મુલ્ક તથા ઈત્તિમાદખાન વચ્ચે પ્રગટ વૈમનસ્ય થયું. બંને વચ્ચે મોરચા ગોઠવાયા. ઈતિમાદખાનનું બળ જોઈ ઇમાદ-ઉલ-મુલ્ક ભરૂચ ચાલ્યો ગયો અને થોડા વખત પછી સુરતના જાગીરદાર અને એના સસરા ખ્વાજા સફરના પુત્ર ખુદાવંદખાને એનું ખૂન કર્યું. ઈમાદના પુત્ર ચંગીઝખાને પોર્ચુગીઝોની મદદથી ખુદાવંદખાનને મારી સુરત લીધું.

ચંગીઝખાને સીદી અમીર જુજહારખાનને હરાવી ભરૂચ-સુરતમાંથી કાઢી મૂક્યો તેથી એણે ઇત્તિમાદખાનનું શરણ લીધું. ઈતિમાદે એની ઉપર ચઢાઈ કરી દરમ્યાન મુસાખાન અને શેરખાન નામના અમીરો અમદાવાદ જેના હવાલે હતું તે ફતેહખાન ઉપર ચડયા તેથી ઈતિમાદખાન સુરત તરફથી પાછો આવ્યો અને અમદાવાદમાં મોરચો બાંધ્યો.

ઈત્તિમાદખાનને કહેવામાં આવ્યું કે સુલતાન અહમદશાહ વારંવાર તલવારના ઘા કેળની ઉપર કરી કહે છે કે "આમ જ ઇત્તિમાદખાનનું માથું હું એક વાર જુદું કરીશ."

અહમદશાહ ઘણો જ નીચ પ્રકૃતિનો હતો અને દારૂના ઘેનમાં રહેતો. એ 'વજીહ-ઉલ-મુલ્ક તથા રઝી-ઉલ-મુલ્કનાં માથાં પણ તલવારથી ઉડાવી દઈશ' એમ બોલ્યા કરતો એટલે ઇત્તિમાદખાન તથા આ બંનેએ પોતાનાં માથાં સુલતાન ઉડાડે એ પહેલાં એને પતાવી દેવા નિર્ણય લીધો. એક વાર સુલતાનને વજીહ-ઉલ-મુલ્કે એની હવેલીમાં બોલાવી એના મુખથી 'ઇત્તિમાદખાનની હું કતલ કરીશ' એવા શબ્દો કહેવરાવ્યા, જે પાછળ છુપાઈ રહેલા ઇત્તિમાદખાને કાનોકાન સાંભળ્યા એટલે એણે બહાર આવી એના નોકરોને સુલતાનને માર મારી ઠાર કરવા હુકમ આપ્યો. સુલતાનનો પ્રાણ જતાં એના મૃત દેહને ઈ.સ. ૧૫૬૧ ની ૩૧ મી જાન્યુઆરીના રોજ નદીની રેતીમાં નાખી દીધો અને વાત ફેલાવી કે સુલતાન નાસી ગયો છે. બીજે દિવસે કોઈએ એને મારી નાખ્યો છે એમ કહી એની લાશને દફન કરી.

'મિરાતે સિકંદરી' આ પ્રસંગ વર્ણવી લખે છે કે

"શફ્રુએ તાજે સુલતાની કે દીહમ જાન દરઆદર જુરત,

ફુલાહ દિલકશ અરત આમા બતર્કે સર નમી અરઝદ."

[ અનુ. પા. ૧૪ નીચે ]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આર્થિક વિકાસનું મહત્ત્વનું બાધક પરિબળ

## અસામાજિક બનાવો (ઈ.સ. ૧૯૭૩ થી ૧૯૮૭) : રાજકોટ જિલ્લાની અનુસૂચિત જાતિઓના વિશેષ સંદર્ભમાં

ડૉ. મહેશચંદ્ર પંડયા

ભારતની જેમ સૌરાષ્ટ્ર અને કચ્છની ભૂમિ પણ ભાતભાતની વિભિન્નતાઓથી ભરપૂર છે. માલધારી આહીરો અને ભરવાડો, કાઠી રાજપૂતો અને દરબારો, પટેલો અને દલિતોની મુખ્યત્વે વસ્તી ધરાવતી સૌરાષ્ટ્રની ધરતી સંતો અને શૂરાઓની ભૂમિ તરીકે પ્રસિદ્ધ છે. જેસલ જાડેજો, વાલો નામોરી, કાદુ મકરાણી, ભૂપત બહારવટિયો વગેરેનાં પરાક્રમો પ્રજામાં પ્રસિદ્ધ છે. અન્યાયોનો સામનો કરવા એ શૂરવીરોએ બહારવટાં ખેડેલાં. એ પછી સૌરાષ્ટ્રમાં નાની મોટી બાબતોને મહત્ત્વ આપીને સંઘર્ષો કરવા એ સામાન્ય બાબત બની ગઈ. પરિણામે થોડા જ સમયમાં નાનકડા સૌરાષ્ટ્રની પ્રજા અનેક નાના નાના રાજકીય વિભાગોમાં વિભાજિત બની. શૂરાઓ અને રાજાઓના શૂરાતનના સંસ્કારો સૌરાષ્ટ્રની પ્રજાએ પણ ઝીલ્યા. પરિણામે આહીર ભરવાડ મેર કાટી મયા ખારવા કાઠી–દરબારો કારડિયા રાજપૂતો પટેલો વગેરે જ્ઞાતિઓનાં પણ ખમીર ખુમારી અને ખુન્નસનાં પારખાં કરાવતા સંખ્યાબંધ સંઘર્ષો થતા રહ્યા. એ પછી શૂરાતનને નામે અસામાજિક બનાવો પણ બનવા લાગ્યા, જેનો ભોગ દલિતો પણ બન્યા. દલિતોને કચડી નાખવાના સંખ્યાબંધ બનાવો બનવા લાગ્યા. એ બનાવો પૈકી જૂજ બનાવો પોલીસ–દફતરે નોંધાયા, કેટલાક બનાવોની અખબારોએ નોંધ લીધી, જ્યારે મોટા ભાગના બનાવો તો દલિતોના ભયભીત બનેલા દિલમાં ચૂપચાપ ધરબાઈ ગયા. અહીં મુખ્યત્વે ૨૦ મી સદીના પ્રવર્તમાન છેલ્લા દોઢ દાયકા દરમ્યાન રાજકોટ જિલ્લાનાં ગામોમાં સામાજિક આર્થિક અને રાજકીય કારણોસર બનેલા દલિત–દમનના બનાવોને તપાસીને, એનું ઐતિહાસિક સંદર્ભમાં વિશ્લેષણ કરીને એની આર્થિક વિકાસની પ્રક્રિયા પર થતી અસરોનો અભ્યાસ કરવા નમ્ર પ્રયાસ કર્યો છે.

### સામાજિક કારણો :

#### (અ) હવસખોરી પોષવા ગુજારાયેલા અત્યાચારો :

"ગરીબકી જોરૂ સબકી ભાભી" એ ઉક્તિ મુજબ ગરીબ દલિતોની સ્ત્રીઓ પર અત્યાચારો ગુજારવાના સંખ્યાબંધ બનાવો બનતા રહે છે. સૌરાષ્ટ્ર પણ એવા બનાવોથી મુક્ત રહી શક્યું નથી.

રાજકોટ જિલ્લાના પાનેલી પાસે આવેલા દરિયામણ ગામની બાઈ અમરી ખેતરમાં મગફળી કાઢતી હતી તે વખતે ગામના માથાભારે ભરવાડે એનું શિયળ નંદવા પ્રયત્ન કર્યો. બાહોશ અમરીએ હિંમતભેર એનો સામનો કર્યો તેથી ભાન ભૂલેલા ભરવાડે એનું ખૂન કર્યું. ત્યારબાદ એ ભરવાડની ધરપકડ કરવામાં આવી.[1] માણાવદરની સીમમાં બળતણ વીણવા ગયેલી બે મહિલાઓને ઝાડ સાથે બાંધીને એમના પર પણ જુલમ ગુજારવામાં આવ્યો હતો.[2]

#### (બ) અસ્પૃશ્યતાને લીધે થયેલા અત્યાચારો :

આઝાદીપ્રાપ્તિ પછીના ૪૩ વર્ષ જેટલા લાંબા સમય—ગાળામાં પણ લોકમાનસમાંથી સંપૂર્ણપણે અસ્પૃશ્યતાનું ભૂત નીકળી શક્યું નથી. પરિણામે અસ્પૃશ્યતાને લીધે આઝાદીપ્રાપ્તિ પછી પણ દલિતોનાં ખૂન થતાં રહ્યાં છે. સૌરાષ્ટ્રમાં હજુ પણ અસ્પૃશ્યો સાથે અણછાજતો વ્યવહાર કરવામાં આવે છે. એમને સાર્વજનિક કૂવા પરથી પાણી ભરવા દેવામાં આવતું નથી. એઓ હોટલો કે લોજોમાં પ્રવેશ મેળવી શકતા નથી. હજુ પણ દુકાનદારો એમને વસ્તુઓ દૂર ફેંકીને આપે છે.[3] રાજકોટ જિલ્લાના, ગોંડળથી ૧૫ કિ.મી. દૂર આવેલા, હાલિયા ગામના હરિજનોનો અસ્પૃશ્યતાને કારણે બહિષ્કાર કરવામાં આવ્યો હતો.[4] મજેઠી ગામે આહીરો અને અસ્પૃશ્યો વચ્ચે અસ્પૃશ્યતા અંગે ભારે ઝઘડો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયો હતો તેથી તંગદિલી છવાઈ હતી. હરિજનો ભયભીત બન્યા હતા. છેવટે એમના રક્ષણ માટે તા. ૨૧-૪-૧૯૮૭ થી ૨ કૉન્સ્ટેબલો મૂકવામાં આવ્યા હતા. રાતી દેવડી ગામે પણ હરિજનો અને સવર્ણો વચ્ચે અસ્પૃશ્યતા અંગે ઝઘડો થતાં એક હરિજનનું ખૂન થયું હતું, તેથી તા. ૯-૯-૧૯૮૩ થી હરિજનોના રક્ષણ માટે એક હેડ કૉન્સ્ટેબલ મૂકવામાં આવ્યો હતો. ગોંડળ તાલુકાના ઘોઘાવદર ગામે હરિજનો અને પટેલો વચ્ચે સંઘર્ષ થયો હતો તેથી એક હેડ કૉન્સ્ટેબલ અને ૩ કૉન્સ્ટેબલો હરિજનોના રક્ષણ માટે તા. ૫-૬-૧૯૮૭ થી ઘોઘાવદર ગામે મૂકવામાં આવ્યા હતા. એ જ રીતે આ જિલ્લાના ધુળેશિયા ગામે પણ એક હેડ કૉન્સ્ટેબલ અને ત્રણ કૉન્સ્ટેબલો લગભગ બે વર્ષથી પણ વધારે સમય સુધી હરિજનોના રક્ષણ માટે મૂકવામાં આવ્યા હતા.

**આર્થિક કારણો :**

ગ્રામવિસ્તારોમાં જમીનદારોનાં ખેતરોમાં કામ કરનાર ખેતમજૂરોમાં દલિત મજૂરોનું પ્રમાણ વિશેષ હોય છે. એ મજૂરો પાસે વધુમાં વધુ વેઠ અને વૈતરું કરાવી એમને કામના પ્રમાણમાં ઓછા દામ આપવામાં આવે છે. એમની સામે માથું ઊંચકનાર દલિત મજૂરનું ખૂન પણ થઈ જાય છે. કેટલાક ભૂમિહીન દલિતોને ટોચ-મર્યાદાની જમીનમાંથી ફાજલ પાડીને થોડી જમીન આપવામાં આવે છે એવે વખતે જમીનદાર પોતાની જમીન પાછી મેળવવા માટે દલિતોને પરેશાન કરે છે. વેઠમુક્તિ ઋણમુક્તિ, જમીનવિહોણાઓને ટોચમર્યાદાની જમીનમાંથી જમીનની ફાળવણી વગેરે અંગેના કાયદા હજુ સુધી પણ ગામડાંઓ સુધી પહોંચ્યા નથી. પરિણામે આ પ્રકારનાં આર્થિક કારણોસર પણ સૌરાષ્ટ્રમાં દલિતો પર અત્યાચારોના બનાવો બન્યા છે.

રાજકોટ જિલ્લાના પડધરી પોલીસ સ્ટેશન હેઠળના નાના હડમતિયા ગામે દરબારો અને હરિ-જનો વચ્ચે જમીન બાબતે ભારે ઝઘડો થતાં દરબારોએ હરિજનોને હેરાન કર્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેથી તા. ૧૩-૧૦-૮૭ થી એમના રક્ષણ માટે બે હથિયારધારી કૉન્સ્ટેબલો મૂકવામાં આવ્યા હતા.

**રાજકીય કારણો :**

ઈ.સ. ૧૯૪૭ માં દેશ આઝાદ થયો એ પછી લોકશાહી ઢબે રાજકીય પક્ષોનો તંદુરસ્ત વિકાસ થવો જરૂરી હતો, એને બદલે પક્ષીય ભાવના અશોભનીય રીતે તંગ બની. એનાં માઠાં પરિણામો સમાજના પ્રત્યેક વર્ગને ઓછાવત્તા પ્રમાણમાં ભોગવવાં પડ્યાં. સૌરાષ્ટ્રમાં પણ પક્ષીય ખેંચતાણ અને વોટના રાજકારણનો ભોગ દલિતો બન્યા. આ બાબતમાં રાજકારણીઓએ દલિતોનો ઉપયોગ કરીને વર્ગભેદ વધારવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.[૫]

રાજકોટથી લગભગ ૭૦ કિ.મી. દૂર આવેલા કંડોરણાના દડવી ગામે ચૂંટણીનું ઝેર એટલી હદે પ્રસરી ગયું હતું કે છેવટે હરિજનોના રક્ષણ માટે એસ.આર.પી.ના ૬ જવાનો અને સાદી પોલીસના ૪ કૉન્સ્ટેબલો મૂકવા પડ્યા હતા, એમ છતાં એ ગામના હરિજન સરપંચનું ખૂન કરવામાં આવ્યું હતું. એ સરપંચના ખૂનના સમાચાર મળ્યા પછી, એક કલાક બાદ, એમના રક્ષણ માટે મૂકવામાં આવેલી પોલીસ ત્યાં આવી પહોંચી હતી.[૬] આ ઉપરાંત ગોંડળ તાલુકાના ધુળેશિયા ગામના હરિજન સરપંચનો સુલતાનપુરના સરપંચની ચૂંટણીમાં અમુક જૂથને સાથ નહિ મળે એમ લાગતાં, ધુળેશિયાના હરિજનોને ધમકી આપવામાં આવી હતી. છેવટે એમના રક્ષણ માટે પણ એક હેડ કૉન્સ્ટેબલ અને ૩ કૉન્સ્ટેબલો મૂકવા પડ્યા હતા. લોધીકા તાલુકાના ખિરસરા ગામના હરિજન આગેવાનનું પણ આવાં જ કારણોસર ખૂન કરવામાં આવેલું. એ પછી ખિરસરાના હરિજનોના રક્ષણ માટે બે હથિયારધારી કૉન્સ્ટેબલો મૂકવામાં આવ્યા હતા. વાંકાનેર પાસેના મહીકા ગામનો સરપંચ હરિજન હોવાથી ચૂંટણી



For Private and Personal Use Only

વખતે હરિજનો અને મોમીનો વચ્ચે તંગદિલી છવાઈ હતી, તેથી તા. ૭-૪-૮૭ થી હરિજનોના રક્ષણ માટે એક હેડ કોન્સ્ટેબલ, ૩ કોન્સ્ટેબલો અને બે ઘોડેસવાર પોલીસો મૂકવામાં આવ્યા હતા.

આમ પક્ષીય ભાવનાથી જન્મેલા વેરઝરની આગમાં રાજકોટ જિલ્લાના હરિજનો શેકાયા હોવાની માહિતી પ્રાપ્ત થાય છે.

આમ, સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લામાં સામાજિક આર્થિક અને રાજકીય કારણોસર સવર્ણો અને દલિતો વચ્ચે તંગદિલી સર્જતા ભયંકર બનાવો બન્યા હતા તેથી ભયભીત બનેલા હરિજનોને રાજ્ય સરકારને સંખ્યાબંધ કિસ્સાઓનાં પોલીસ-રક્ષણ આપવું પડ્યું હતું.

**ઈ. સ. ૧૯૮૫ થી '૮૭ દરમ્યાન રાજકોટ જિલ્લાના હરિજનો પર થયેલા અત્યાચારોને કારણે હરિજનોને આપવામાં આવેલા પોલીસ-રક્ષણથી રાજ્ય સરકાર પર પડેલા વધારાના આર્થિક બોજાની માહિતી આપતો કોઠો:**

| ક્રમ | ગામ | સંઘર્ષ કોની કોની વચ્ચે | સંઘર્ષનું કારણ | પરિણામ | પોલીસરક્ષણ હે. કો., કો. કુલ | રક્ષણ આપ્યું તારીખ | રક્ષણને કારણે સરકાર પર એક દિવસનો વધારાનો ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધૂળેશિયા | પટેલો અને હરિજનો | ચૂંટણી | મારામારી | ૧-૩=૪ | ૨૯-૧૦-૮૭ | ૯૦-૦૦ |
| ૨ | મેલી મજેઠી | આયરો અને હરિજનો | અસ્પૃશ્યતા | મારામારી | ૦-૨-૨ | ૨૧-૦૪-૮૭ | ૪૦-૦૦ |
| ૩ | રાતી દેવડી | સવર્ણો અને હરિજનો | ,, | ૧ હરિજનનું ખૂન | ૧-=૧ | ૦૯-૦૯-૮૩ | ૩૦-૦૦ |
| ૪ | મહીકા | મોમીનો અને હરિજનો | ચૂંટણી | મારામારી | ૧-૩=૪ +૨ ઘોડેસવાર-૬ | ૦૭-૧૦-૮૭ | ૧૩૦-૦૦ |
| ૫ | નાના હડમતિયા | દરબારો અને હરિજનો | અસ્પૃશ્યતા | ઝઘડો | ૦-૨-૨ | ૧૩-૧૦-૮૭ | ૪૦-૦૦ |
| ૬ | લોધીકા | મુસ્લિમો અને હરિજનો | રાજકારણ | ૧ હરિજનનું ખૂન | ૧-૩=૪ | ૧૭-૯-૮૭ | ૪૦-૦૦ |
| ૭ | ઘોઘાવદર | પટેલો અને હરિજનો | મનદુઃખ | ઝઘડો | ૧-૩=૪ | ૫-૬-૮૭ | ૯૦-૦૦ |
| કુલ | | —કુલ ૨ હરિજનોનાં ખૂન | | | ૪+૧૭-૨૧ પોલીસરક્ષણ | કુલ ખર્ચ | ૪૬૦-૦૦ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર્યુક્ત કોઠાને આધારે આ પ્રમાણેની વિગતો તારવી શકાય :

(૧) ઈ. સ. ૧૯૮૫ થી ૧૯૮૭ દરમ્યાન રાજકોટ જિલ્લામાં હરિજનો અને સવર્ણો વચ્ચે થયેલા સંઘર્ષનાં મુખ્ય કારણો ચૂંટણી અસ્પૃશ્યતા વગેરે હતાં.

(૨) સંઘર્ષ દરમ્યાન બે હરિજનોનાં ખૂન થયાં હતાં, જ્યારે એક પણ હરિજનેતરનું ખૂન થયું ન હતું.

(૩) પાંચ મારામારીના તથા ભયંકર ઝઘડાના બનાવો બન્યા હતા.

(૪) ચાર હેડ કૉન્સ્ટેબલો અને બે ઘોડેસવારો સહિત કોન્સ્ટેબલો મળી કુલ ૨૧ પોલીસોના કાફલાનું ૭ ગામોના હરિજનોને રક્ષણ આપવામાં આવ્યું હતું.

(૫) પોલીસ-રક્ષણ દરમ્યાન ૧ દિવસનો વધારાનો આર્થિક બોજો રૂા. ૪૬૦-૦૦ રાજ્ય સરકારને ભોગવવો પડતો હતો. એ હિસાબે એક માસનો ૧૩ હજાર આઠ સો અને એક વર્ષનો એક લાખ ૬૫ હજાર છસો રૂપિયા સરકારને ભોગવવા પડે.

(૬) એ ઉપરાંત રક્ષણ માટે ફરજ બજાવતી પાર્ટીની તપાસ માટે જતી પી.એસ.આઈ.ની પાર્ટીની જીપગાડી સહિતનો ખર્ચ, એમનાં ભથ્થાં, રક્ષણ દરમ્યાન રજા આવે તો એ દિવસનો પાર્ટીનો બેવડો ખર્ચ, વગેરે એમાં ઉમેરાતાં સરકાર પર બિનજરૂરી આર્થિક બોજો વધતો રહેતો હતો.

(૭) જે ગામે પાર્ટી રક્ષણ કરતી હોય તે ગામના લોકો દ્વારા પાર્ટીની બાદશાહી ઢબે સરભરા કરવામાં આવતી તેથી પણ બિનહિસાબી આર્થિક વ્યય થતો.

(૮) અનુ. જાતિની વ્યક્તિનું ખૂન થાય તો એ વ્યક્તિના વારસદારને સરકાર તરફથી રૂા. દસ હજાર મદદ મળતી. કોઠામાં દર્શાવ્યા પ્રમાણે બે વ્યક્તિનાં ખૂન થયાં હોવાથી બિનજરૂરી ૨૦ હજાર રૂ.નો આર્થિક બોજો સરકાર પર લદાયો હતો.

(૯) અસામાજિક બનાવોનો ભોગ જે ગામના હરિજનો બન્યા હોય તે ગામના હરિજનો અને સવર્ણો તંગદિલી ભોગવતા હોવાથી અર્થ-ઉત્પાદન કરી શકતા ન હતા તેથી પણ એ ગામના અર્થતંત્ર પર ભારે વિપરીત અસર થતી.

ટૂંકમાં, જે ગામે હરિજનો અને સવર્ણો વચ્ચે અસામાજિક બનાવ બન્યો હોય તે ગામે હરિજનોના રક્ષણ માટે મૂકવામાં આવેલી પોલીસ-પાર્ટી અંગે થતો ખર્ચ, રક્ષણ કરતી પાર્ટીના ચેકિંગ માટે આવતી પી.એસ.આઈ.ની પાર્ટીનો ખર્ચ, પાર્ટીની સરભરા માટે ગામલોકો દ્વારા થતો ખર્ચ, રક્ષણ દરમ્યાન આવતી રજાના દિવસે રક્ષણ કરતી પાર્ટીનો બેવડાઈ જતો પગાર, જેનું ખૂન થયું હોય તે હરિજનના વારસદારોને રાજ્ય દ્વારા ચૂકવવામાં આવતી રકમ વગેરે બાબતોનો સરવાળો કરવાથી સામાજિક સંઘર્ષોને કારણે થતા આર્થિક બગાડનો આંકડો ઘણો મોટો આવે એ દીવા જેવી સ્પષ્ટ હકીકત છે.

સંઘર્ષને કારણે સવર્ણો—હરિજનો વચ્ચે ઊભી થતી અવિશ્વાસની ખાઈ અને મનભંગથી થતું નુકસાન આંકડાઓમાં મૂલવી શકાય એમ હોતું નથી એ જુદી વાત છે.

આ સામાજિક બનાવોને લીધે બન્ને પક્ષો વચ્ચે સલામતીનો ભય ઊભો થવાથી બન્ને પક્ષે આર્થિક વિકાસ ઉપેક્ષા સેવવા લાગે છે તેથી પણ દેશના અર્થતંત્ર પર વિપરીત અસર થયા વગર રહેતી નથી. માનવ-સર્જિત પ્રકોપની એ અસર ધીમા ઝેર જેવી હોય છે. જો એને અટકાવવામાં ન આવે તો એ કૅન્સરની માફક દેશની આર્થિક કરોડને કોરી ખાય છે. આવા અસામાજિક બનાવો સર્જનારી વ્યક્તિઓ જૂજ હોય છે. એને ડામી દેવા માટે સમાજે અને સરકારે સહિયારો પુરુષાર્થ કરવો જોઈએ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાચીન ભારતીય કરસિદ્ધાંતો આર્થિક વિકાસ સાધવા અંગે માર્ગદર્શન આપતાં જણાવે છે કે "ઉપયોગી વૃક્ષોના વિકાસ આડે અવરોધો ઊભા કરતાં નકામાં વૃક્ષોને કાપી નાખીને ઉપયોગી વૃક્ષોના વિકાસનો માર્ગ મોકળો કરવો જોઈએ." આ ઉદાહરણનો બોધપાઠ લઈને શાસન કરનારે રાજ્યના આર્થિક વિકાસ આડે આવનારા સામાજિક સંઘર્ષોને ડામી દેવા માટે તમામ તાકાત વાપરવી જોઈએ.*

સૌ. યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦૦૦૫

* તા. ૨૫, ૨૬, ૨૭ નવે. ૧૯૮૮ દરમ્યાન કલકત્તા મુકામે યોજાયેલ ગુજ. ઇતિ. પરિસદના ૧૫ મા અધિવેશનમાં વંચાયેલો નિબંધ: ૨૬-૧૧-૮૮

## પાદનોંધ

(ઈ. સ. ૧૯૭૧ થી ૧૯૮૩ દરમ્યાન દલિતો પર થયેલા અત્યાચારોના અખબારોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારોની કાપલીઓનો સંગ્રહ કરીને એને આધારે લક્ષ્મણભાઈ રૂડાભાઈ ચૌહાણે "દલિત-દમનની દાસ્તાન" નામનું પુસ્તક, તુલસીવાડા, મુંબઈથી ૧૯૮૫ માં પ્રસિદ્ધ કર્યું છે તેમાં આપવામાં આવેલી વિગતોનો ઉપયોગ આ લેખમાં કર્યો છે. એ પુસ્તકને આધારે જ અખબારનાં નામ તથા તારીખ અહીં નોંધવામાં આવ્યાં છે.)

૧. જનસંદેશ, તા. ૫-૭-૧૯૬૧, ઉપર્યુક્ત પુસ્તક પૃ. ૨૧
૨. જયહિંદ, તા. ૨૪-૫-૧૯૭૯, ,, ,, પૃ. ૨૭
૩. મુસ્તાક અલી તથા ચંદ્રકાંત ઉપાધ્યાય, 'ગુજરાતના હરિજનો', ભા. ૩, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૫, પૃ. ૧૬૪
[આ પુસ્તક ટાઈપ કરેલું છે. એમાં ૧૯૮૩-૮૪ ના સ્પેશિયલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ આવરી લેવાયેલાં સૌરાષ્ટ્રના બધા જ જિલ્લાઓનાં ગામો સહિત કુલ ૩૧૪ ગામોનો સામાજિક અને આર્થિક અભ્યાસ કરવામાં આવ્યો છે.]
૪. જનશક્તિ, તા. ૧૩-૮-૧૯૭૩, ઉપર્યુક્ત પુસ્તક, પૃ. ૩૮
૫. ભોગીલાલ ગાંધી, 'હરિજનોની સમસ્યા', ધર્માન્તરસમસ્યા (પરિપ્રેક્ષ્ય)', વિશ્વમાનવ, સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા, ૧૯૮૨, પૃ. ૧૧ થી ૧૩
૬. જન્મભૂમિ, તા. ૧૭-૪-૧૯૭૮, ઉપર્યુક્ત પુસ્તક, પૃ. ૮૨ તથા
જન્મભૂમિ પ્રવાસી, તા. ૨૧-૪-'૭૮, ,, ,, પૃ. ૮૨

સ્થાપના : તા. ૧૧-૧૦-૨૭ ફોન : ૫૫૩૨૯૧/૫૫૮૩૫૦

**ધી બરોડા સીટી કો-ઓપરેટિવ બેન્ક, લિ.**

રજિ. ઓફિસ : સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧

શાખાઓ : ૧. સરદારભવન, જ્યુબિલી બાગ પાસે, ટે. નં. ૫૪૧૮૨૪
૨. પથ્થરગેટ પાસે, ટે. નં. ૫૪૧૯૩૧
૩. ફતેગંજ, ચર્ચની સામે, ટે. નં. ૩૨૯૩૬૪
૪. સરદાર છાત્રાલય, કારેલીબાગ, ટે. નં. ૬૪૮૧૨
૫. જકાતનાકા પાસે, ગોરવા, વડોદરા

દરેક પ્રકારનું બેન્કિંગ કામકાજ કરવામાં આવે છે.

મેનેજર : કાંતિભાઈ ડી. પટેલ મંત્રી : ચંદ્રકાંતભાઈ ચુ. પટેલ

પ્રમુખ : કીકાભાઈ પટેલ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કચ્છનાં રુદ્રાણી માતા

શ્રી મનસુખ સ્વામી

સૌરાષ્ટ્રની સોના સરખી ધરતીના માથે સોનાનો મુગટ જેમ શોભતો કચ્છ પંથક આજે પણ પ્રેમ ભક્તિ અને આશરા-ધર્મને ઉજાળતો શોભી રહ્યો છે. કચ્છની ધરતી પુરાણી છે, જ્યાં નારાયણ સરોવર, શ્રીઆશાપુરી માતાનો મઢ, શ્રીરવેચીમાતા, મહામાયા શ્રીરુદ્રાણીની જગ્યા તેમજ સતી સંતો અને જેસલ-તોરલની જ્યાં સમાધિઓ પૂજાય છે તેવી અંજાર નગરની રોનક કંઈ ઓર છે. ભૂજિયો ડુંગરો પણ આગવો ઇતિહાસ જાળવતો કચ્છમાં શોભી રહ્યો છે. જ્યાં સંત શ્રીમેકણદાદાનો સેવા-પ્રેમનો સંદેશ ગુંજી રહ્યો છે તેવી કચ્છના ધીંગી ધરતી અને ત્યાં પ્રેમાળ હેતવાળા સાદગીભર્યા માણસોનું આતિથ્ય આજે પણ જગજાહેર છે. એવી કચ્છી ભોમકામાં સેવા પ્રેમ અને ભક્તિનો જ્યાં આઠેય પોર પવિત્ર રણકાર થાય છે તેવી શ્રીરુદ્રાણી-જાગીર અનોખું યાત્રાધામ દર્શનીય છે. શ્રીરુદ્રાણી મહામાયાની જગ્યા વિશે અહીં સંક્ષિપ્ત દર્શન કરીશું.

**શ્રીરુદ્રાણીમાતા યાત્રાધામ :** કચ્છની તપોમય ધરતી પર અનેક તીર્થસ્થાનો શોભી રહ્યાં છે, જેમાં કચ્છના મુખ્ય શહેર ભૂજથી બારેક કિ. મી. દૂર ઉત્તરે સુંદર યાત્રાધામ-શ્રીરુદ્રાણીમાતાની જગ્યા આવેલ છે.

કચ્છમાં આજથી પોણાબસો વર્ષોની આસપાસ આ શ્રીરુદ્રાણી-જાગીર જગ્યા કેવી રીતે જાગ્રત બની એનો ભૂતકાળ જોતાં અહીં ચાર શક્તિપીઠોમાં શ્રીઆશાપૂરા રુદ્રાણી રવેચી અને શ્રીમહામાયાની જૂની જગ્યાઓ હતી તેઓમાં શ્રીરુદ્રાણીની જગ્યાને પ્રકાશમાં લાવનાર મહાન શક્તિસ્વરૂપ શ્રીશ્યામગિરિજી કરીને એક માતાજી થઈ ગયાં તેઓ નાનપણથી જ ભક્તિનો પંથ વહાલો કરીને સંતો-સાધુઓની સેવા કરતાં હતાં...

શ્રીશ્યામગિરિજીને સંસાર ખારો દવ લાગતો હતો...આ તો પરભવનાં કોઈ અવધૂતાણી હતાં, છતાં માવતરે દીકરીની જાતને ચાર મંગળ ફેરા ફેરવી પતિગૃહે વિદાય કર્યાં, પરંતુ વિધાતાએ લેખ નોખા લખેલા...આ તો કોઈ શક્તિનો અંશ હતાં. કહેવાય છે કે રસ્તામાં કંથકોટ સાસરે પહોંચ્યાં ત્યાં બૂંગિયો વાગ્યો...બહારવટિયાઓ કંથકોટની ગવરી ગાયો લઈને ભાગતા હતા...ત્યાં શ્રીશ્યામગિરિના શૂરવીર પતિએ પાઘડી કાઢી અને બહારવટિયા સામે પાદરમાં જબરું ધીંગાણું થયું, પતિએ ગાયોને મુક્ત કરાવી,...પણ શ્રીશ્યામગિરિના પતિ કામ આવી ગયા. હજુ તો પતિનું મુખ જોયું ન હતું ત્યાં બાળવિધવા થયાં. ઠાકરને ગમ્યું તે ખરું...અને રવેચી માતાના મઢમાં શ્રીમસ્તગિરિ નામના સંતને ગુરુ માની કંઠી બંધાવી અને ભજન કરવા લાગ્યાં..

શ્રીશ્યામગિરિજી રૂપાળાં અને જુવાન વયે હતાં એટલે કેટલાંક અભાગિયાં ગમે તેમ બોલવા લાગ્યાં. શ્રીશ્યામગિરિજીને ખૂબ જ લાગી આવ્યું અને હિમાલયની વાટે એક સેવક સાથે યાત્રાએ ઊપડી ગયાં. બદ્રીનારાયણ પહોંચ્યાં. કહેવાય છે કે ત્યાં જગજ્જનની આઠ ભુજાવાળાં માતા અંબાજીનો શ્રીશ્યામગિરને આદેશ મળ્યો કે "બેટા! તું કચ્છમાં પાછી જા અને તારા હાથે શક્તિનું સ્થાપન થશે. તારું જીવનકાર્ય હજુ બાકી છે માટે ત્યાં પાછી ફર...!"

શ્રીશ્યામગિરિએ કચ્છમાં વાગડનાં શ્રીરવેચી માતાનાં દર્શન કર્યાં. માર્ગમાં અંતરાત્માનો અવાજ આવ્યો. શ્રીરવેચી માતાનું શિખરબંધ મંદિર બાંધવા માટે જમીનમાંથી ખૂબ ધન પ્રાપ્ત થયું અને શ્રીશ્યામગિરિજીનો ભક્તિપ્રતાપ ફેલાયો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કચ્છના મહારાવ શ્રી ભારમલજીને રાજ્ય મળેલું, પણ મનમાં અશાંતિ હતી તેથી એ વખતનાં શ્રીશ્યામગિરિજી માતાના ચરણોમાં ગયા અને માતાજીએ રાજવીની અશાંતિ ઘટાડી તેથી વધુ શ્રદ્ધા જાગી અને ભુજમાં હંમેશ માટે રહેવા વિનંતી કરી.

શ્રીશ્યામગિરિજીએ ભુજથી ઉત્તરે ૧૨ કિ. મી. દૂર ગરમ ભભુતિ નાળિયેર ચૂંદડી અને ત્રિશૂળની એંધાણી બતાવી ત્યાં જગ્યાની સ્થાપના કરી અને ખારી મીઠી અને કાંઈઓ નદીના ત્રિવેણીસંગમે શ્રીરુદ્રાણી માતાની સ્થાપના કરી, કચ્છના રાજવીએ આ પવિત્ર જગ્યાને જાગીરી જેમ પદ આપ્યું. રુદ્ર કહેતાં ભોળેનાથ અને રુદ્રાણી કહેતાં માતા શ્રી પાર્વતી તરીકે વંદનીય છે.

કચ્છના શ્રીભારમલજીએ રાજ્યમાંથી ચોથો ભાગ ધાર્મિક જગ્યા શ્રીરુદ્રાણી માટે જાગીરની પદવી તરીકે અર્પણ કર્યો. અહીં શ્રીરુદ્રાણી માતાનું શિખરબંધ મંદિર, શ્રીરુદ્રેશ્વર મહાદેવ, શ્રીલક્ષ્મીનારાયણ, શ્રીનાગદેવતાનું મંદિર, શ્રીરાંદલ માતા અને શ્રીભૈરવદેવની સ્થાપના કરવામાં આવી છે. છેલ્લે શ્રી-જલારામ બાપાનું મંદિર પણ થયું છે. મહારાવે પોતાના ભાઈ લઘુભાની યાદમાં પાળિયો પણ ત્યાં ઊભો કર્યો છે (ઈ. સ. ૧૮૧૪ આસપાસ).

શ્રીરુદ્રાણી-જાગીરનો વિકાસ ખૂબ જ થયો અને રાજ્યાશ્રય પણ જ્યાંસુધી મળ્યો ત્યાંસુધી જાગીર પ્રગતિશીલ રહી. સમયની રફતારમાં કચ્છના મહારાવો અસ્ત પામતાં અને આઝાદી આવ્યા પછી જગ્યામાં થોડી ઓટ આવી, પણ જાગીરના હાલના મહંતશ્રી ખીમગિરિ બાપુએ એક તેજસ્વી જુવાન તપસ્વી ધર્મેન્દ્રગિરિજીને ઈ. સ. ૧૯૮૧ માં ગાદી પર બેસાડ્યા.

શ્રીરુદ્રાણી જગ્યાનાં મૂળ સ્થાપક માતા શ્રીશ્યામગિરિજી પછી અનુક્રમે શ્રીશિવગિરિજી, શ્રીકેશવ-ગિરિજી, શ્રીબુદ્ધિગિરિજી, શ્રીકેશવગિરિજી બીજા, શ્રીસંતોષગિરિજી, શ્રી માયાગિરિજી, શ્રીદયાલગિરિજી, શ્રીભગવાનગિરિજી અને હાલ ઈ. સ. ૧૯૮૧ પછી શ્રીધર્મેન્દ્રગિરિજી છે.

**શ્રીધર્મેન્દ્રગિરિજીની અનેકવિધ પ્રવૃત્તિઓ :** કચ્છ જેવા પછાત પંથકમાં અનેક વાર દુષ્કાળો પડે છે તેથી મોટી રુદ્રાણીના મહંતશ્રી શ્રીધર્મેન્દ્રગિરિજીએ અનેકવિધ સેવાદાયી પ્રવૃત્તિઓ શરૂ કરી છે. એઓ એક તેજસ્વી યોગીરાજ સંત છે. લોકકલ્યાણ અને જન-જાગૃતિ માટે જગ્યાનું ટ્રસ્ટ કર્યું છે. આજના યુગ પ્રમાણે એઓ ગરીબોને સહાયભૂત થવું, મૂંગાં પશુઓની સેવા કરવી, ભૂખ્યાંને ભોજન તેમ આવ્યાંને આશરો આપવો, એ રીતે એઓ રુદ્રાણીના જગ્યાના સંતબાપુ કે પીરબાપુ તરીકે પ્રખ્યાત છે.

દુષ્કાળનાં વર્ષોમાં ઠેર ઠેર કેટલ-કૅમ્પો ખોલીને હજારો ઢોરોને એમણે પોતાનાં સતી-સેવકો અને કાર્યકરોના સહયોગે સાચવેલાં અને સરકાર તેમજ શ્રી દીપચંદ ગારડી જેવા દાનવીરોને આવાં કાર્યોમાં સેવા કરવા આજ્ઞા કરેલી. શ્રીધર્મેન્દ્રગિરિજીની સેવા-પ્રવૃત્તિથી ગુજરાત સરકાર અને સેવાભાવી દાનવીરોએ રાજીપો અનુભવ્યો છે.

શ્રીધર્મેન્દ્રગિરિ બાપુ દર્શન શાસ્ત્ર સાથે પીએચ. ડી. થયા છે એટલે ડબલ ગ્રેજ્યુએટ કક્ષાના સંત કેળવણીનાં ધાર્મિક કાર્યો સમાજસેવા ખેતી, પશુપાલન અને ગ્રામ્ય-આરોગ્ય પ્રવૃત્તિના જ્યોતિરૂપ ગણાય છે. સુખી દાનવીરોએ આ જગ્યાની મુલાકાત લઈને, ભારતીય સંસ્કૃતિનાં જ્યોતસ્વરૂપ શ્રીરુદ્રાણી-માતાની જગ્યાએ મદદ કરીને પુણ્યનું ભાતું કમાવા જેવું છે. મહંતશ્રી ગિરનારમાં અટલ અખાડામાં સુંદર વ્યવસ્થા જાળવે છે. આજે સંતોમાં એઓ ક્રાંતિકારી અને સેવાપ્રવૃત્તિના અગ્રેસર ગણાય છે. શ્રીરુદ્રાણીમાતાની વિશાળ જગ્યા આજે કચ્છની ધરતી પર સેવાદાયી પ્રવૃત્તિથી શોભી રહી છે.

ઠે. હાઈસ્કૂલ, વીરનગર-૩૬૦૦૬૦



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાષ્ટ્રનો સ્વાતંત્ર્યસંગ્રામ અને મહેસાણા જિલ્લો

[ ગતાંક પા. ૩૨ થી ]

શ્રી. દાજીસિંહ શિવસિંહ વાઘેલા

મંડળના સભ્યો શ્રી તુલસીભાઈ કાન્તિભાઈ મંગુભાઈ હરજીવનભાઈ રામજીભાઈ વગેરેએ ભેગા મળીને ઊંઝાના ધનવાન વણિક શ્રી બુધાલાલ શાહના અપહરણની યોજના ગોઠવી. આ માટે રણછોડભાઈ તથા હરજીવનભાઈ પટેલની નેતાગીરી નીચે એક ટુકડી ઊંટ ઘોડા વગેરે સાથે ગામની બહાર તળાવની નજીક આવી. રામજીભાઈ બુધાલાલને ઘેર ગયા હતા અને એઓ સ્વાતંત્ર્ય–ચળવળની વાતો કરતા કરતા બુધાલાલને તળાવની પાળ ઉપર નક્કી કરેલા સ્થળે લઈ આવ્યા હતા. યોજના પ્રમાણે પ્રથમ રામજીભાઈને ઉપાડ્યા અને પછી બુધાલાલને ઉપાડવા આવ્યા એટલે બુધાલાલે બૂમ પાડી. બાજુમાં હનુમાનજીની દહેરી હતી તેમાં એ જ દિવસે એક બાવો આવેલો અને એ બાવાએ બૂમાબૂમ કરી કે ખૂન હો રહા હૈ...એ વખતે બાજુના શ્મશાનમાં માણસો મડદું બાળવા આવ્યા હતા તે બૂમાબૂમ સાંભળીને દોડી આવ્યા અને યોજના નિષ્ફળ જતાં એઓને ભાગી જવું પડ્યુ.

આ બાબતે પોલીસ–ફરિયાદ થઈ. પોલીસને અપહરણનો બનાવ બન્યો ત્યાંથી ખંજર અને સોટી મળેલાં તેથી ભયંકર બનાવ બન્યાની શંકા થઈ. રામજીભાઈ બુધાલાલને ઘેર ગયેલા ત્યારે એમની થેલી ત્યાં રહી ગયેલી, આ થેલીમાં ધોબીને ઘેર ધોયેલી એક ધોતી હતી તે પોલીસને મળી. આ ધોતીના ધોબીના નિશાન ઉપરથી આ ધોતી રામજીભાઈની છે એવું પોલીસે શોધી કાઢ્યું. રામજીભાઈ પાટણની પટેલ બોર્ડિંગમાં રહેતા હતા અને એની બાજુમાં રહેતા ધોબી પાસે એમણે ધોતી ધોવડાવેલ હતી. પોલીસને જે ખંજર મળી આવ્યું હતું તે લઈને એ પાટણ ગઈ અને જેણે એ ખંજર બનાવ્યું હતું તે લુહારને પૂછ્યું, આ ખંજર કોણે બનાવડાવ્યું હતું ! લુહારે જવાબ આપ્યો કે પટેલ બોર્ડિંગના કોઈ વિદ્યાર્થીઓએ બનાવડાવ્યું છે. આ જણાવ્યું તેથી પોલીસની શંકા દૃઢ થઈ કે પટેલ બોર્ડિંગના વિદ્યાર્થીઓ આ કાવતરા સાથે સંકળાયેલા છે, આથી પોલીસે પાટણની પટેલ બોર્ડિંગ અને વડોદરાની આર્ય સંગઠન પ્રગતિ મંડળની મુખ્ય ઑફિસે એકી સાથે દરોડા પાડ્યા. વડોદરાની મુખ્ય ઑફિસેથ. મંડળના હિસાબો અને સભ્યોનાં નામો વગેરે મળી આવ્યા, આથી પોલીસે એના ઉપરથી તુલસીભાઈની પાટણથી અને કાન્તિભાઈની વડોદરાની મુખ્ય ઑફિસેથી ધરપકડ કરી.

આ "ઊંઝા કાવતરા કેસ" મહેસાણા સેશન્સ કોર્ટમાં તા. ૧૬–૧૦–૪૨ થી તા. ૧૮–૧૦–૪૨ સુધી ચાલ્યો હતો. આ કેસમાં ફરિયાદી તરીકે બુધાલાલ લલ્લુભાઈ વાણિયા હતા અને તહોમતદાર તરીકે કાન્તિભાઈ વ્યાસ સાથે ૧૧ જણા હતા. લગભગ ૧૨ તહોમતદાર ફરાર થઈ ગયા હતા. આરોપીઓને ત્રણ વર્ષ, એક વર્ષ, ૭ માસ એમ જુદી જુદી સજાઓ થઈ હતી.

પૈસા મેળવવાના હેતુ માટે બુધાલાલના અપહરણની યોજના કરી, પણ એ નિષ્ફળ જતાં "ઊંઝા કાવતરા કેસ" સર્જાયો, જેનાથી મંડળની ગુપ્ત પ્રવૃત્તિઓ છતી થઈ હતી. જિલ્લાના આગેવાનો જેલમાં જતાં હિંસક પ્રવૃત્તિ મંદ પડી ગઈ, પણ જનતાએ વિવિધ રીતે અહિંસક આંદોલનમાં ભાગ લીધો.

ઠે દફ્તરભંડાર, ગુલાબબાગ પાસે, ગાંધીનગર–૩૮૨૦૧૭



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઐલ ગૌરાંગો કિંવા કહેવાતા આર્યો(?)નું મૂલ સ્થાન

[ગુજ. અનુવાદ] સ્વ. શ્રી. એફ. ઈ. પાર્જિટર

પ્રકરણ ૧૪ મામાં બતાવવામાં આવેલી પરંપરાગત પ્રણાલી (tradition) પ્રમાણે 'ઐલો' અથવા 'આર્યો'એ પ્રયાગ (અલ્લાહાબાદ)માં આરંભ કર્યો અને વાયવ્ય કોણ, પશ્ચિમ દિશા તથા દક્ષિણ દિશામાં વિસ્તર્યા તથા યયાતિ રાજાના સમય સુધીમાં મધ્ય દેશ તરીકે જાણીતા પ્રદેશ ઉપર નિશ્ચિત રીતે સત્તા જમાવી લીધી. એમણે આ મધ્ય ભૂભાગનો નિશ્ચિત રીતે કબજો જમાવ્યો અને સંપૂર્ણ રીતે પોતાનો બનાવી લીધો, જેવા એને સર જી. ગ્રિયર્સન ભાષાકીય દૃષ્ટિએ જણાવે છે તે પ્રમાણે પૂર્ણ-પણે પોતાનો જ કરી લીધો. એ પછી પંજાબ અને પૂર્વ અફઘાનિસ્તાન, પશ્ચિમ ભારતવર્ષ અને વાયવ્ય ભાગનો દક્ષિણનો પ્રદેશ, પૂર્વ અને દક્ષિણ બિહાર તથા બંગાલ સુધી નિશ્ચિત રીતે એઓ આગળ વધ્યા. ગ્રિયર્સને જેને 'બહિર્વર્તુલ'ની ભાષાના પ્રદેશ કહ્યા છે, ભાષાકીય દૃષ્ટિએ આર્યોએ તે દેશો ઉપર વર્ચસ જમાવી લીધું હતું. એવું પણ બતાવવામાં આવ્યું છે કે અયોધ્યાનું રાજ્ય ઐલવંશથી અન્ય જુદા વંશનું હતું અને ઐલોએ એને તાબે કર્યું નહોતું, માત્ર એના પર વગ જમાવી હતી. ગ્રિયર્સને ભાષાકીય દૃષ્ટિએ જે તારવણી કરી છે તેને આ બરોબર મળી રહે છે કે અયોધ્યાના પ્રદેશમાં એ જ પ્રકારની ભાષાનું સંમિશ્રણ થયેલું જોવા મળે છે; બેશક, અહીં મધ્ય પ્રદેશની ભાષા પશ્ચિમ અને દક્ષિણમાં દૃઢમૂળ થયેલી છે તેવી આ પ્રદેશોમાં નથી.

આમ પરંપરાગત પ્રણાલી વ્યક્ત કરી આપે છે તે પ્રમાણે રાજકીય હકીકત ગ્રિયર્સનના ભાષાકીય સંશોધનને નિશ્ચિતપણે બંધ બેસી રહે છે અને ભાષાકીય વિગતોને સરળ રીતે અને પૂર્ણ રીતે સમઝાવે છે. એ હકીકતોને સમઝાવવાને માટે સામત આભિપ્રાય 'વાયવ્ય કોણમાંથી આર્યોના આક્રમણને માત્ર સિદ્ધાંત તરીકે સ્વીકારતું જ નથી, બે વાર આક્રમણ થયાનું કહે છે' અને મંતવ્ય એ છે કે 'મધ્ય પ્રદેશના રહેવાસીઓ વાયવ્ય ખૂણા તરફથી ભારતીય આર્યોના છેલ્લામાં છેલ્લા આક્રમણને રજૂ કરે છે' અને એ કે છેલ્લાના છેલ્લા આક્રમકો 'અગાઉના સમયમા આવી વસેલાઓને પૂર્વ દક્ષિણ અને પશ્ચિમના પ્રદેશોમાં હાંકી કાઢીને એમના કબજાના પ્રદેશમાં ઘૂસી ગયા.' આ મંતવ્ય સ્વયં જ અસંભવિત છે અને પહેલા તથા બીજા આગંતુકો વચ્ચે સખત અને ભીષણ સંઘર્ષ થયો હોવા તરફ લઈ જાય, જેનો પડઘો પારંપરિક પ્રણાલીમા પડવો જોઈએ, કારણ કે એ ભારતવર્ષના હૃદયભાગની સાથે સંબંધ ધરાવે, આમ છતા એવો કોઈ સંઘર્ષ થયાનું સર્વથા જાણવામાં આવ્યું નથી. પારંપરિક પ્રણાલી પ્રમાણે એનો સર્વથા જરૂર નથી.

વળી, પછીના પ્રકરણમાં બતાવવામાં આવશે તે પ્રમાણે, ગંગા જમનાના ઉપરના દોઆબમાં અને મેદાની વિસ્તારોમાં રાજ્ય કરી ગયેલા ભરત રાજાના વંશજો નીચે ઊભા થયેલા બ્રાહ્મણધર્મના મોટા વિકાસના સમયમા ઋગ્વેદનો મોટો ભાગ રચવામાં આવ્યો હતો. ગ્રિયર્સનના જણાવ્યા પ્રમાણે ઋગ્વેદની ભાષા ઉપરના દોઆબમાંની પ્રાચીન બોલીને મૂર્ત કરી આપે છે અને એ એવો પ્રદેશ હતો કે જ્યાં આર્યભાષા તદ્દન શુદ્ધ સ્વરૂપમાં હતી અને જ્યાંથી એ બહારના પ્રદેશોમાં વિસ્તરી હતી.

છેલ્લે સુદ્યુમ્ન અને ઉત્તર કુરુ તથા કિંપુરુષ વચ્ચે કાંઈક સંબંધ હતો અને ગ્રિયર્સન મુંડાભાષા તથા 'સાર્વનામિક સ્વરૂપ પામેલા હિમાલયની ભાષાઓ' વચ્ચે જે સંબંધ જુએ છે તેની સાથે મેળ બતાવે છે, એટલે દરેક વિગતમાં ભાષાનો પુરાવો પૌરાણિક અહેવાલ સાથે મેળ ખાય છે, જે પારંપરિક પ્રણાલીની કિંમતની મજબૂત સાબિતી છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રકારનો નિર્ણય પ્રશ્ન ખડો કરે છે: 'ઐલો' કિંવા 'આર્યો'ના મૂળના વિષયમાં પારંપરિક પ્રણાલી શું કહે છે? એ ઐલસત્તા પ્રયાગમાં શરૂ થયાનું કહે છે અને આમ છતાં એઓ ભારતવર્ષની બહારના પ્રદેશમાંથી આવ્યા! પૂર્વપુરુષ પુરૂરવા ઐલને લગતી અનુશ્રુતિઓ(legends) અને દૃષ્ટાંત-કથાઓ (fables) બધીયે એને મધ્યહિમાચલ પ્રદેશ સાથે જોડે છે.[૧] એ ગંધર્વો સાથે નિકટતાનો સંબંધ ધરાવતો હતો. એની પત્ની ઉર્વશી ગંધર્વકન્યા હતી, સાથોસાથ 'અપ્સરા' પણ કહેવાતી હતી. એ વારંવાર મુલાકાત લેતો હતો તે સ્થાનો પણ મંદાકિની નદી, અલકા (નગરી), ચૈત્રરથ અને નંદન વનો, ગંધમાદન અને મેરુ પર્વતો તથા ગંધર્વોની ગણાતી હતી તેવી ઉત્તર કુરુની ભૂમિ હતાં. ગંધર્વો પાસેથી એને યજ્ઞિય અગ્નિ મળ્યો હતો, એના પુત્રો ગંધર્વોની દુનિયામાં જાણીતા હતા અને આખરે એ ગંધર્વોની સાથે જોડાઈ ગયો હતો. આગળ જતાં[૨] એના જન્મ સાથે સંકળાયેલી દૃષ્ટાંતકથાઓ એ પ્રદેશ તરફ આંગળી ચીંધે છે અને એ અહેવાલો ઇલાવર્તને નામ આપનારા આરોપિત પિતા 'ઇલ' સાથે એને જોડે છે.[૩]

હવે આ કથાઓ પૌરાણિક (mythical) છે અને જ્યારે પારંપરિક પ્રણાલી (tradition) પોતાના મૂળ સુધી પહોંચે છે ત્યારે પૌરાણિક બની જાય છે, આમ છતાં આવી પૌરાણિક કથાઓ ચોખ્ખી કલ્પનાઓમાંથી ભાગ્યેજ નીકળી આવી હોય છે અને સત્યના કોઈ બીજમાંથી વિકસી આવી હોય છે. આ કથાઓ ચોક્કસપણે સૂચિત કરે છે કે પુરૂરવાનું મૂળ સ્થાન ઉત્તર તરફના પ્રદેશમાં હતું અને આ એ હકીકત સાથે બંધ બેસે છે તથા સ્પષ્ટ કરી આપે છે કે મધ્ય-હિમાલયની અંદરના અને ઉપરના પ્રદેશોનો ભૂભાગ ભારતીયોને માટે પવિત્ર ભૂમિ રહ્યા છે. ભારતીય પ્રણાલી કોઈ 'ઐલ' કે 'આર્ય' આક્રમણ વિશે કે ત્યાંથી કોઈ ક્રમિક આગંતુક વિશે કશું જ જાણતી નથી. ઊલટ પક્ષે, એ તદ્દન સ્પષ્ટ રીતે નિશ્ચિત કરે છે કે દ્રુહ્યુઓના એક બહાર વહેતો 'ઐલ' (='આર્ય') પ્રવાહ વાયવ્ય ખૂણેથી ઉપર તરફના (ઉત્તર-પશ્ચિમના) દેશો તરફ ગયો હતો કે જ્યાં જઈને એમણે અનેક રાજ્યો સ્થાપ્યાં અને ત્યાંના વાસીઓમાં પોતાના ભારતીય ધર્મનો પ્રવેશ કરાવ્યો. (આ પૂર્વે પૃ. ૨૬ માં પાર્જિટરે આ જણાવ્યું જ છે.)

વાયવ્ય ખૂણાના સીમાન્ત કદીયે કોઈ પ્રાચીન પવિત્ર સ્મૃતિઓ ન હતી કે એના તરફ કદીયે કોઈ આદર ભાવ ન હતો. બધા જ પ્રાચીન ભારતીય માન્યતા અને આદરભાવ એક માત્ર મૂળ બહારની પવિત્ર ભૂમિ-મધ્યમ હિમાલય પ્રદેશને ઉદ્દેશીને હતા તથા એ ત્યાં જ હતું કે જે તરફ ઋષિઓ અને રાજવીઓએ ભક્તિભાવથી પોતાના પગલાં વાળ્યાં હતાં, કદીય વાયવ્ય ખૂણા તરફ નહિ. ઋગ્વેદના મંડળ ૧૦ માંના સૂક્ત ૭૫, [ઋચા ૫ અને ૬, જ્યાં ગંગા યમુના સરસ્વતી શુતુદ્રિ (સતલજ) પરુષ્ણી અસિક્ની વિતસ્તા (બિયાસ) સુષોમા સિંધુ કુભા (કાબૂલ) ગોમતી અને ક્રુમુ એમ] ત્યાં આપેલો નદીઓનો ક્રમ પૂર્વ દિશાથી વાયવ્ય ખૂણા તરફનો છે,—વાયવ્ય ખૂણા તરફથી પ્રવેશ નહિ, પરંતુ ઊલટો. જો 'આર્યો' વાયવ્ય ખૂણા તરફથી ભારતવર્ષમાં દાખલ થયા હોત અને જ્યારે ઋગ્વેદનાં સૂક્તોની રચના થઈ ત્યારે બહુ તો સરસ્વતી કે જમના સુધી પંજાબમાં થઈને પૂર્વ બાજુ આગળ વધ્યા હોત તો, એ નવાઈની વાત છે કે, સૂક્ત નદીઓને આર્યોના એ પ્રકારના આગંતુકને અનુસરતી નહિ, પરંતુ જ્યાં હજી ભાગ્યેજ પહોંચ્યા હોય તે ગંગાથી ઊલટા ક્રમે બતાવી રહ્યું છે. આ વસ્તુ ઐલોના વિસ્તરણના માર્ગ સાથે અને 'ઐલો'ના વાયવ્ય ખૂણાના ઉપરના ભાગ તરફ જતા પ્રવાહની સાથે વધુ સારી રીતે મેળ ખાય છે.[૪] સૂક્તના કર્તાએ કદાચ કર્યું હશે તે પ્રમાણે એ, આમ છતાં, ગંગાથી શરૂ કરી વાયવ્ય ખૂણા તરફ પ્રવાસ કરવા ચાહતા કોઈનો આ માર્ગ હતો.[૫] (ગયા પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે) વળી,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુદાસના દાશરાજ્ઞ-યુદ્ધને ભારતવર્ષમાં આર્યો વાયવ્ય ખૂણેથી આવ્યા એની સાથે કશો જ સંબંધ નથી, કારણ કે એ ઉત્તર પાંચાલનો 'ઐલ' વંશનો રાજવી હતો અને 'ઐલો' (એટલે કે 'આર્યો' એ) સુદાસના સમયથી ક્યાંય પૂર્વના સમયમાં ભારતવર્ષના ઉત્તરના પ્રદેશમાં આવ્યા હતા તથા એના ઉપર સત્તા જમાવી લીધેલી હતી. એ તો પંજાબમાં પશ્ચિમ બાજુ સુદાસના વિજયનો એક અંશ હતો. આ જાતના નિર્ણયની સાથે મેળ ખાતી વિગતો આ પછીના પ્રકરણમાં જોવા મળશે.

ઋગ્વેદમાં નદીઓ વિશેના ઉલ્લેખથી એમ માની લેવાની જરૂર નથી કે એ સમયે 'આર્યો'ને ભારતવર્ષ(આખા)ની ભૂગોળનું જ્ઞાન હતું, કારણે કે સિંધુ અને સરસ્વતીનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યારે ભારતવર્ષના ઉત્તર ભાગની બીજી નદીઓ વિશે એક વાર, બે વાર કે ત્રણ વાર સિવાય વધુ ઉલ્લેખ થયેલા જોવામાં આવતા નથી. એ સંદેહ-રહિત છે કે સિંધુ નદીએ એની અસામાન્ય લંબાઈને લીધે અને સરસ્વતીએ એની પવિત્રતાને કારણે આકર્ષણ કર્યું હતું. એનું સબળ કારણ એ હતું કે સરસ્વતી હસ્તિનાપુરના ભરતવંશના રાજાઓના પ્રદેશમાં હતી અને, આ પછીના પ્રકરણમાં બતાવવામાં આવશે તે પ્રમાણે, ઋગ્વેદીય બ્રાહ્મણધર્મનો વિકાસ (પંજાબમાં નહિ) એ રાજવીઓના સમયમાં થયો હતો. ઋગ્વેદને સરયૂ નદીની જાણ છે અને સંદેહ કરવાને કશું જ કારણ નથી કે એ અયોધ્યાના પ્રદેશની નદી છે. જો વટવૃક્ષ લૂણ[૬] અને પારિયાત્ર-ગિરિમાળા (અરવલ્લીની પહાડી) જ્યાં વર્તમાન માન્યતા પ્રમાણે 'આર્યો' ચોક્કસ જઈ પહોંચ્યા હતા એ ભૌગોલિક વસ્તુ વગેરે વિશે ઋગ્વેદને જાણ નથી એનાથી ઋગ્વેદને એ વિશે કશી જાણ નહોતી એમ કહી શકાય એમ નથી.

પારંપરિક પ્રણાલી અને પૌરાણિક ગાથા આમ સીધેસીધું સૂચન કરે છે કે 'ઐલો' (યાને 'આર્યો') મધ્ય-હિમાલયના પ્રદેશમાંથી ભારતવર્ષમાં દાખલ થયા અને વાયવ્ય સરહદ તરફનું વલણ એ બાજુથી કોઈ આક્રમણ આવ્યાની વાતને ટેકો આપતું નથી. આ ઘણી નોંધપાત્ર હકીકતો છે. પૌરાણિક ગાથા ઉત્તરે આવેલા 'ઇલાવૃત્ત' પ્રદેશનું સૂચન કરે છે કે જ્યાંથી ઐલો આવ્યા હતા. પુરૂરવાનું 'ઐલ' નામ ઋગ્વેદમાં આવે છે અને મનુની પુત્રી ઇલા હોવાની વાતના કરતાં વધુ પ્રાચીન હોવાનું જણાય છે. 'ઇલા' ઉપરથી 'ઐલ' સંજ્ઞા આવી હોય એ બતાવવા આ કથાનક ગોઠવવામાં આવ્યાનું લાગે છે. 'ઇલ' અને 'ઇલાવૃત' વચ્ચેનો સૂચિત સંબંધ પ્રાચીન હોઈ શકે અને એ વિશ્વાસ ઉપજાવે તેવો છે. આ સંબંધમાં એ નોંધી શકાય કે 'ઇલા'ના પુરુષરૂપ તરીકે જાણેલો 'સુદ્યુમ્ન' કિંપુરુષ હોવાનું કહેવાય છે અને આખરે ઇલાવૃતમાં જઈ રહેલો (જેના નામ ઉપરથી 'ઇલાવૃત' દેશ નામ થયું.) કિંપુરુષોને એ જ ઉત્તર પ્રદેશમાં મૂકવામાં આવેલા, તેથી તો પૌરાણિક ગાથા સુદ્યુમ્નના વંશને એ પ્રદેશ સાથે સાંકળે છે, તો કેટલાંક પુરાણોમાં ઉત્તર કુરુ પ્રદેશ સાથે. તેથી તો 'ઐલો' (યાને 'આર્યો') વાયવ્ય ખૂણેથી ભારતવર્ષમાં દખલ થયા ન હોય તો પારંપરિક પ્રણાલી અને નિર્ણય સૂચિત થયાં છે તેનો વિચાર કરતાં, અત્યાર સુધીનું જે ગૃહીત તરીકે સ્વીકારવામાં આવ્યું હતું તે બધા વિચારોને આપણે દૂર ધકેલી દેવા જોઈએ.

બોઘાઝકેઉઇમાંથી મળી આવેલા હિત્તાઇત રાજવી અને મિતાન્નીના રાજવી વચ્ચે થયેલા, કોલકરારો આ વસ્તુ ઉપર વધુ પ્રકાશ પાડે છે.[૭] પ્રો. યાકોબીએ ધ્યાન દોર્યું છે એ પ્રમાણે એ કરારો ચોક્કસ દેવોની વાત કરે છે, જે મિત્ર વરુણ ઇંદ્ર અને નાસત્ય(અશ્વિનીકુમારો) સિવાયના બીજા કોઈ નથી. આ ભારતીય આર્ય દેવો છે અને પ્રો. યાકોબીએ બતાવ્યું છે કે (વર્તમાન મંતવ્ય પ્રમાણે) ભારતીય અને ઇરાની શાખાઓ જુદી પડી એ પૂર્વેના સમયના હોઈ શકે નહિ. કોલકરારોનો સમય વિશ્વાસપાત્ર રીતે અંદાજે ઈ. પૂ. ૧૪૦૦ આસપાસનો ચોક્કસ કરવામાં આવ્યો છે અને તેથી આ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવોમાં માનનારો મિતાન્નીઓનો સમૂહ ત્યાં એનાથી પૂર્વે આવેલો હતો, શક્ય રીતે ઈ. પૂ.ની ૧૬ મી સદીમાં. આ હકીકત સિદ્ધ કરી આપે છે કે (૧) ઈ. પૂ. પંદરમી સદી પહેલાં ભારતવર્ષમાંથી પ્રજાનો પ્રવાહ એ બાજુ આવ્યો હતો, (૨) એઓ ભારતીય દેવોને ભારતવર્ષમાંથી લાવ્યા હતા, તેથી (૩) 'આર્યો' અને એમના દેવ ઈ. પૂ. સોળમી સદીની પૂર્વે અસ્તિત્વમાં હતા, અને (૪) 'આર્યો' એ સમયથી પણ પૂર્વે ભારતવર્ષમાં દાખલ થયા હતા. આ હકીકતો અને નિર્ણયો 'આર્યો'ના ભારતવર્ષના વાયવ્ય ખૂણાના પ્રદેશમાંના પ્રવેશ અને ઋગ્વેદનાં સૂક્તોની રચના વિશેની વર્તમાન માન્યતા સાથે મેળ ખાતાં નથી.

પરંતુ આ હકીકતો અને નિર્ણયો ભારતવર્ષના વાયવ્ય ખૂણાથી વધુ ઉપરના પ્રદેશોમાં દ્રુહ્યુઓના વિસ્તરણ વિશે કહેનારી પારંપરિક પ્રણાલીની સાથે બરોબર મેળ ખાય છે, કારણ કે એ સમય વંશાવલીઓના કોઠામાંના ૪૦ મા અંકના સમયમાં આવી રહે છે, જે ભારતયુદ્ધના ઈ. પૂ. ૯૫૦ ના સમય કરતાં ૫૫ પેઢી જેટલો વહેલો છે, આપણે જો દરેક પેઢીનાં ૧૨ વર્ષ ગણિયે તો એ પ્રવાહ ૯૬૦+૬૬૦, એટલે કે આશરે ઈ. પૂ ૧૬૦૦ આસપાસ શરૂ થયો હોય અને ક્રમે ક્રમે ભારતીય દેવોનાં દર્શન ઈ. પૂ. ૧૪૦૦ ના કોલકરારો થયાના સમય સુધીમાં વિસ્તર્યો હોય. પારંપરિક પ્રણાલી બતાવે છે કે 'ઐલો' યાને 'આર્યો' એનાથી પણ પહેલાંના સમયમાં ઉત્તર ભારતવર્ષમાં દાખલ થયા હતા અને 'દ્રુહ્યુ'ઓનો પ્રવાહ (ઉત્તર-પશ્ચિમના દેશોમાં) આગળ વધ્યો ત્યાં સુધીમાં એના વધુ મોટા ભાગમાં સત્તા જમાવી લીધી હતી. પુરૂરવાથી લઈ ભારતયુદ્ધ સુધીની ૯૨ પેઢીઓને હિસાબે ગણિયે તો એ જ ગણતરીએ ૯૫૦+૧૧૦૪ એટલે કે ઈ. પૂ. ૨૦૫૦ આસપાસ આવી રહે. ભારતીય પારંપરિક પ્રણાલી અને પેલા કોલકરારોમાંની હકીકતો આમ સંપૂર્ણ રીતે મેળ ખાય છે અને પૂર્વની હકીકત પછીની હકીકતનો સાદો અને પૂરતો ખુલાસો પૂરો પાડે છે. આ ભારતીય પારંપરિક પ્રણાલીનો પુરાવો છે અને એ એવું બતાવે છે કે વંશાવલીઓ વાસ્તવિક છે અને વંશાવલીઓને લગતી અંદાજી ગણતરી માટેનું ખોખું પૂરું પાડે છે. ત્યાં પ્રવેશ પામેલા દ્રુહ્યુઓએ પોતાના દેવોને શુદ્ધ રીતે જાળવી રાખ્યા, પરંતુ રાજવીઓ એમની ભાષા સાથે ભારતવર્ષથી જેમ જેમ વધુ અલગ પડયા તેમ તેમ એમણે પોતાનાં નામોમાં ફેરફાર કર્યો.૮

વળી, આપણે પ્રચલિત માન્યતાને સ્વીકારિયે તો કોલકરારોને આધારે લીધેલા ઉપરના નિર્ણયને એની જરૂર રહેશે કે નિર્ણીત કરેલા ભારતીય-ઇરાની સમયને ઈ. પૂ. સોળમી સદી કરતાં ઘણે વહેલો લઈ જવો પડે, એનું પરિણામ એ આવે કે એ માન્યતા ભાગ્યેજ ટકી શકે. ઉપરની પારંપરિક પ્રણાલી સૂચવે છે કે એવો કોઈ સમય હોય જ નહિ અને વળી એ કે ઈરાનીઓ ભારતવર્ષનો જ ફાંટો હોય, કારણ કે ભારતવર્ષમાંથી બહાર જવાને કારણે થયેલો વિસ્તાર કોલકરારમાંના ભારતીય નામોવાળા દેવો અને ઈરાની જેવાં નામ ધરાવતા રાજવીઓનો જ માત્ર ખ્યાલ આપે છે, એટલું જ નહિ, પરંતુ ઈરાનીઓના ઊગમ તરફ પણ દોરી જાય છે. જેવી રીતે ચાલુ માન્યતા પ્રમાણે તે જ રીતે આ પ્રકારે પણ ઇરાનના ભાષાકીય અને ધાર્મિક તફાવતને સમજાવી શકાય.

મારી માન્યતા પ્રમાણે વૈદિક સાહિત્ય આર્યો ભારતવર્ષના વાયવ્ય ખૂણેથી આવ્યાનું કાંઈ પણ કહેતું નથી. આ દૃષ્ટિબિંદુથી વિચાર કરવામાં આવે તો શંકા નથી કે ઋગ્વેદમાંથી દલીલો શોધી કાઢી શકાય, પરંતુ જો અગાઉથી ધારી લીધેલા વિચારોને બાજુએ મૂકી દેવામાં આવે અને ઐતિહાસિક પારંપરિક પ્રણાલીની દૃષ્ટિએ સૂક્તોની કસોટી કરવામાં આવે તો, હું ધારું છું કે, પારંપરિક પ્રણાલીગત



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇતિહાસની સાથે ખરેખર મેળ ન ખાય તેવું એ સૂક્તોમાંથી કાંઈ નહિ મળે અને તેથી મોટા ભાગની સ્પષ્ટતા થઈ રહે છે. વળી, પારંપરિક પ્રણાલી આર્યોની પવિત્ર ભૂમિ મધ્ય-હિમાલયના પ્રદેશની ઉત્તર બાજુની શા માટે હતી એ સમઝાવે છે,–એવી હકીકત કે જેની પ્રચલિત માન્યતાને કોઈ પરવા નથી. ઈરાનનો ભારતવર્ષ સાથેનો સંબંધ એવું પુરવાર નથી કરતો કે 'આર્યો' એ દિશામાંથી ભારતવર્ષમાં દાખલ થયા હોય, કારણ કે એવું સ્વીકારવા જતાં, હમણાં જ ઉપર બતાવ્યું તે પ્રમાણે, 'દ્રુહ્યુ'ઓના બહારની બાજુના પ્રવાહના વિષયમાં તદ્દન શક્ય ખુલાસાને ઉલટાવી નાખવાની પરિસ્થિતિ ઊભી થાય.

ઈરાનીઓથી જુદા પડ્યા પછી વાયવ્ય ખૂણાના પ્રદેશમાં થઈને 'આર્યો'એ ભારતવર્ષ ઉપર આક્રમણ કર્યું હતું અને એ પ્રવાહમાં દાખલ થયા એ પ્રચલિત માન્યતાને નીચે આવતી હકીકતો અને ગણતરી-ઓનો સામનો કરવો પડશે અને એને ધ્યાનમાં લેવી પડશે : (૧) ભારતીય પારંપરિક પ્રણાલીને આવા કશા વિશે જાણ નથી. (૨) વાયવ્યના પ્રદેશને અને પંજાબને પ્રાચીન મૂળ સ્થાન તરીકે આદર અથવા ખાસ માનને પાત્ર ગણવામાં આવ્યા નથી. (૩) પ્રાચીનતમ ઐલો (આર્યો) અને એમની ભારત-વર્ષમાંની શરૂઆતનું તદ્દન જુદું વર્ણન આપતા વિસ્તૃત અને નિશ્ચિત અહેવાલ પારંપરિક પ્રણાલીએ સાચવી રાખ્યા છે. મધ્ય-હિમાલય પ્રદેશ પવિત્ર ભૂભાગ હતો અને શા માટે એવો હતો એની પેલા અહેવાલો સ્પષ્ટતા કરે છે. (૫) એ અહેવાલો ભારતવર્ષ પરની 'ઐલો'ની સત્તા પર પ્રકાશ પાડે છે, જેને કારણે ભૌગોલિક રીતે, ભાષાકીય દૃષ્ટિએ, તદ્દન સત્ય રીતે અને છતાં તદ્દન સ્પષ્ટ રીતે (કાંઈ પણ છાનું રાખ્યા સિવાય) એ 'આર્યો'એ લીધેલા કબ્જાને બંધ બેસી જાય છે. (૬) પારંપરિક પ્રણાલી બ્રાહ્મણોને મૂળમાં આર્યેતર સંસ્થા હોવાનું બતાવે છે. ઋગ્વેદનાં પ્રાચીનતમ સૂક્તો આર્યેતર રાજાઓ અને ઋષિઓની રચના કહે છે અને વેદોનો પ્રાચીનતમ સંબંધ પૂર્વના પ્રદેશ સાથે અને નહિ કે પંજાબ સાથે બતાવે છે, જે હવે પછીના પ્રકરણમાં જોવા મળશે. (૭) આ બધી વિસ્તૃત પારંપરિક પ્રણાલીને જૂઠી રીતે ઘાટ આપવામાં આવ્યો હતો; જો વર્તમાન માન્યતા ખરી હોય તો સત્ય સદંતર લુપ્ત થઈ ગયું છે. આ સંભવિત છે? (૮) આ બધી પારંપરિક પ્રણાલી જૂઠી છે તો શા માટે, કેવી રીતે અને કોના હિતમાં આ બધું ગલત ઊભું કરવામાં આવ્યું ? (૯) જો એ ખોટું છે તો એવું શું છે કે ઉપર બતાવેલો પાંચમો મુદ્દો સાચો છે ? (૧૦) ભારતીય પારંપરિક પ્રણાલી ઈરાનીઓનું ઊલટી રીતનું મૂળ બતાવે છે કે જે બોઘાઝકેકઈના કોલકરારની સાથે મેળ ખાય છે અને જે એમની ભાષા અને ધર્મને ગણતરીમાં લઈ શકે છે.

## "એમના પ્રાચીન ભારતિય ઐતિહાસિક પારંપરિક પ્રણાલી" : પાદટીપો

**નોંધ :** પાને પાને શ્રી. પાર્જિટરે અનેક પાદટીપો અનેક સંદર્ભો નોંધીને આપી છે. એ બધી અહીં અનુવાદમાં બતાવવી જરૂરી નથી, માત્ર મહત્ત્વની નોંધના રૂપની છે તે આપવામાં આવે છે.

૧. આનો એક જ અપવાદ 'મત્સ્યપુરાણ' અ. ૧૧૫ થી ૧૨૦ માં મળે છે કે જ્યાં પુરૂરવાને પૂર્વજન્મમાં મદ્ર દેશનો રાજવી હોવાનું જણાવેલું છે.

૨. અપવાદમાં એક માત્ર કથા : એ બધા ગંધર્વકન્યાઓને પરણ્યા હતા, આયુને નહિ. કૂર્મ-પુરાણ ૧-૨૩-૪૬

૩. (પાર્જિટરે ૧૪ મા પ્રકરણનો આરંભ કરી બીજા વાક્યખંડમાં જણાવ્યું છે કે) પારંપરિક પ્રણાલી સ્વાભાવિક રીતે પૌરાણિક ગાથાથી શરૂ થાય છે અને ભારતવર્ષમાંના પ્રાચીનતમ પરિસ્થિતિ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમઝાવવા પૌરાણિક ગાથા ચાહે છે ત્યારે બધા રાજવંશોનો આરંભ વિવસ્વાન(સૂર્ય)ના પુત્ર મનુ વૈવસ્વતમાંથી તારવે છે. એ વાત ત્રણ પ્રકારોથી કહેવામાં આવી છે, જેમાંના બીજો-ત્રીજો પ્રકારો પહેલા કરતાં વધુ સામાન્ય છે. આમાંના પહેલા પ્રકાર પ્રમાણે મનુને દસ પુત્ર હતા, જેમાંનો મોટો 'ઈલ' હતો, જે વિજયયાત્રામાં નીકળ્યો ત્યારે શિવના 'શરવણ' નામક સ્થાનમાં દાખલ થયો અને 'ઈલા'-રૂપ સ્ત્રી બની ગયો, કારણ કે ઉમાએ શાપ આપ્યો હતો કે કોઈ પણ પુરુષ-પ્રાણી આ વનમાં દાખલ થશે તે સ્ત્રી થઈ જશે. ઈલાને ચંદ્રના પુત્ર બુધ સાથે યૌન સંબંધ થયો અને પુરૂરવા ઐલ પુત્ર થયો. પછી શિવની કૃપાથી 'ઇલા' કિંપુરુષ 'સુદ્યુમ્ન' નામે બની-એક મહિનો પુરુષ અને એક મહિનો સ્ત્રી.

બીજા પ્રકાર પ્રમાણે, મનુને નવ પુત્રો હતા અને દસમો પુત્ર થવા મિત્ર અને વરુણ(મિત્રાવરુણ)ને ઉદ્દેશી યજ્ઞ કર્યો, પરંતુ પુત્રી 'ઈલા'નો જન્મ થયો. એને બુધનો સમાગમ થયો અને પુરૂરવાનો જન્મ થયો. એ પછી ઈલા પુરુષ થતાં 'સુદ્યુમ્ન' નામ થયું. પેલા શાપને કારણે એ સ્ત્રીના રૂપમાં આવી ગઈ. છેલ્લે શિવની કૃપાથી એણે 'સુદ્યુમ્ન' તરીકે પુરુષત્વ પ્રાપ્ત કર્યું.

ત્રીજો પ્રકાર સામાન્ય રીતે ઉપરના બીજા પ્રકારને મળતો છે, પરંતુ જે ફેરફાર થયો તે એ બુધના સમાગમમાં આવી એ પહેલાં.

પુરૂરવા આમ બુધથી 'ઈલ' કે 'ઇલા'માં પુત્રરૂપે થયો એ કથા વિકસી અને પુરૂરવા 'ઐલ' તરીકે વિખ્યાત થયો. સુદ્યુમ્નને ત્રણ પુત્ર હતા, જેઓમાંના બે ઉત્કલ અને ગય હતા તથા ત્રીજો હરિતાશ્વ કે વિનતાશ્વ કે ટૂંકા નામે વિનત હતો (પાર્જિટર : પૃ. ૨૫૩-૨૫૪)

૪. અફઘાનિસ્તાનમાં થઈ પંજાબમાં 'આર્યો'ની આગેકૂચ સિદ્ધ કરવા માટેની વપરાયેલી દલીલોને સરળ રીતે ઉલટાવી નખાય.

૫. સૂક્તનો કર્તા સિંધુક્ષિત્ પ્રૈયમેઢ એ ભરતવંશી આગ્નીધ્રનો વંશજ હતો કે જેણે ગંગાના પ્રદેશમાં રાજ્ય કર્યું હતું.

૬. પ્રાચીન સમયમાં રાજસ્થાનનું રણ ખુબ છીછરો સમુદ્ર હોય તો સરસ્વતી એમાં વહી જતી હતી. એ વિસ્તારની સપાટી થોડી જ ઊંચે આવી હોય તો સમુદ્ર રણમાં પલટી ગયો હોય અને સરસ્વતી નદીને અસર કરી હોય.

૭. દેવોનાં નામો એક એક છૂટાં છવાયાં આવતાં હોય તો એનું ખાસ મહત્ત્વ ન ગણાય, આ ચાર નામ સાથે જ આવેલાં છે એ ભારતીય મૂળનો સંયુક્ત પુરાવો રજૂ કરે છે એ રીતનું મહત્ત્વ છે.

## અનુવાદકની નોંધ

૮. આ વાક્યખંડમાં શ્રી પાર્જિટરે પુરૂરવાનો સમય ભારતયુદ્ધના એમણે માનેલા ઈ.પૂ. ૯૫૦ ના સમયને કેંદ્રમાં રાખી, પેઢીનામામાંના ૯૫ રાજવીઓનો સરેરાશ શાસનકાલ આપી ઈ.પૂ. ૨૦૫૦ નો આપ્યો છે. એમણે એમના આ ગ્રંથનાં પૃ. ૧૭૯-૧૮૩ માં ભારત-યુદ્ધનો સમય નક્કી કરવાનો સબળ પ્રયત્ન કર્યો છે. આમાં નીચેની મર્યાદા એમણે ચંદ્રગુપ્ત મૌર્યનો શાસનકાલ ઈ.પૂ. ૩૨૨ માં શરૂ થયાનું નોંધી એની પૂર્વના નંદોનો સમય ૧૦૦ વર્ષનો કહેવાયેલો છે તેને ૮૦ વર્ષોનો ગણી નંદોનો આરંભ ઈ.પૂ. ૪૦૨ માં સૂચવ્યો છે. મહાપદ્મ નંદે સત્તા ઈ.પૂ. ૪૦૨ માં ધારણ કરી કહી પછી એમણે ભારત-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યુદ્ધ સુધીના વિભિન્ન રાજવંશોના રાજવીઓની પણ સરેરાશ કાઢી, ઈ.પૂ. ૪૦૨ ના સ્થાને ઈ.પૂ. ૩૮૨ સૂચવી ઈ.પૂ. ૯૫૦ બતાવેલ છે.

એમણે એક જ વંશના સરેરાશ તે તે રાજવીનો શાસનકાલ કાઢવાને બદલે સમકાલીન રાજવંશોની થોડી ઝાઝી પેઢીઓનો એકબીજા રાજવંશોની પેઢીઓને સાથે મેળવી સરેરાશ શાસનકાલ કાઢવાનો પ્રયત્ન કર્યો છે. એક વસ્તુ આપણી પાસે છે : વિષ્ણુપુરાણ અને ભાગવતપુરાણમાં પરીક્ષિતના જન્મ અને મહાપદ્મ નંદના શાસનકાલ વચ્ચે ૧૦૫૦ (કે ૧૦૧૫) વર્ષ સૂચવવામાં આવ્યાં છે એ એક પ્રાચીન પુરાવો ઓછામાં ઓછા આજથી ૧૬૦૦ વર્ષ જૂનો વિ.પુ.નો છે, જેનું જ ભાગવતે અનુસરણ કરેલું છે. આપણે ઈ.પૂ. ૩૮૨ ન સ્વીકારતાં ૩૨૨+૧૦૦=ઈ.પૂ. ૪૨૨ નંદોના શાસનનો ગણિયે અને ૧૦૫૦ કે ૧૦૧૫ વર્ષ ઉમેરિયે તો ઈ.પૂ. ૧૪૭૨ કે ૧૪૩૭ પરીક્ષિતના જન્મનું વર્ષ આવતાં ભારતયુદ્ધનો સમય ઈ.પૂ. ૧૪૭૩ કે ૧૪૩૮ આવે.

શ્રી. પાર્જિટરે બાર જેટલી વંશાવલીઓ તૈયાર કરી આપી છે તેઓમાં માત્ર અયોધ્યાની મનુથી લઈ ૯૧ પેઢી ઈક્ષ્વાકુની બૃહત્ક્ષય સુધીની ભારત-યુદ્ધે અટકતી આપી છે તેમાં ૪૦ અને ૬૬ ના અંકની બે પેઢી ખાલી છે. બધી વંશાવલીઓમાં જે કોઈ રાજા કે રાજાઓ બીજી બીજી વંશાવલીઓ-માંના તે તે રાજા કે રાજાઓના સમકાલીન જાણવામાં આવ્યા છે તેના આધારે સમકાલના અંક આપવામાં આવ્યા છે (પૃ. ૧૪૪-૧૪૯). આમાં પૌરવ અર્થાત્ પુરૂરવાની મનુથી શરૂ કરેલી વંશા-વલીમાં ૨૧ થી ૪૨, ૪ , ૫૪ થી ૬૨, ૬૪ થી ૬૮, અને ૮૮ આટલા રાજવીઓનાં નામ જાણવામાં આવ્યાં નથી. શ્રી પાર્જિટરની આ તારવણી શ્રદ્ધેય બની છે. આ ૯૫ પેઢીનાં વર્ષ કેટલાં થાય એ મતભેદનો વિષય છે. એમણે પેઢીની સરેરાશ ૧૨ વર્ષની ગણી છે. આમ કરવા જતાં મનુ જ ઈ.પૂ. ૧૫૫૨ માં આવે, જ્યારે ભારતયુદ્ધનો સમય ઈ.પૂ. ૧૪૭૩ કે ૧૪૩૮ ઉપર બતાવ્યા પ્રમાણે આવે છે. શ્રી પાર્જિટરના બતાવેલો ઈ.પૂ. ૯૫૦ નો સમય સ્વીકારિયે તો ઈ.પૂ. ૨૧૨૦ મનુનો સમય આવે. પુરૂરવા અને ઇક્ષ્વાકુનાં નામ ઋગ્વેદમાં આવતાં હોઈ અને ડૉ. મૅક્સમ્યૂલર વગેરેના મત ઋગ્વેદના ઉત્તર મર્યાદા ઈ.પૂ. ૧૫૦૦ આસપાસની હોઇ ઉપરના બંને રાજવીઓના ઋગ્વેદમાંના ઉલ્લેખ આવી શકે. દરેક પેઢી ગણાય છે તે પ્રમાણે ૨૦ વર્ષની ગણવામાં આવે તો મનુ સુધી ૧૯૦૦ વર્ષ આવે અને એમાં ૧૪૭૩ કે ૧૪૩૮ ઉમેરવામાં આવે તો ઈ.પૂ. ૩૩૭૩ કે ૩૩૩૮ નાં વર્ષ આવે, તો ઋગ્વેદનો પૂર્વમર્યાદા ઈ.પૂ. ૩૦૦૦ વર્ષ આસપાસ જાય, પરંતુ પોલેન્ડના વિદ્વાન યાકોબી ઋગ્વેદમા આવતા ખગોલીય નિર્દેશોથી ઈ. પૂ. ૪૦૦૦ આસપાસનો ઋગ્વેદના સમય મૂકે છે એટલે પૌરાણિક પાત્ર 'મનુ'ને બાજુએ રાખવામાં આવે તોયે ઐતિહાસિક રાજવીઓ પુરૂરવા અને ઇક્ષ્વાકુને ઈ.પૂ. ૪૦૦૦ પહેલાં લઇ જવા પડે.

હકીકતમાં એમ લાગે છે કે પુરૂરવા અને ઇક્ષ્વાકુ અનુક્રમે ગૌરાંગ-ચંદ્રવંશીયોનો પ્રથમ અને પીતાંગ-સૂર્યવંશીયોનો પ્રથમ રાજવીઓ છે અને ઓછામાં ઓછાં ઈ. પૂ. ૪૦૦૦ થાયે વધુ પ્રાચીન સમયમાં જઈ રહે છે. ઇક્ષ્વાકુની વંશાવલી વચ્ચે ૨ પેઢીના ત્યાં ત્યાં ખાંડા સાથે ૯૫ની છે તેમાં અને પુરૂરવાની વંશાવલીમાં તો મોટા ખાડા પડે છે તેમાં અનેક પેઢીઓ લુપ્ત થઈ ગઈ છે અને લોકોને મોઢે રહી ગયેલાં નામ સચવાઈ રહેલાં હતાં તેઓને ક્રમમાં પુરાણોએ મૂકી દીધાં છે એટલે આપણે ભારત-યુદ્ધના સમયને આંકવાનો પ્રયત્ન કરતાં થોડાં ઝાઝા વર્ષોના મતભેદે એ મેળવી શકિયે, પરંતુ સ્વીકારાયેલા પુરૂરવા ઇક્ષ્વાકુ વગેરે આદિ ઐતિહાસિક પુરુષોનો અંદાજી સમય પણ કાઢી ન શકિયે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ, આપણી પાસે શ્રી પાર્જિટર પ્રમાણે ભારત-યુદ્ધનો સમય આશરે ઈ. પૂ. ૯૫૦ શ્રી. જાયસ્વાલનો સમય શ્રી. પાર્જિટરે નોંધ્યો છે (પૃ. ૧૮૫) તે ઈ. પૂ. ૧૪૨૪, વિષ્ણુપુરાણ અને ભાગવત પ્રમાણે ઈ.પૂ. ૧૪૭૩ કે ૧૪૩૮, ભારતીય પ્રચલિત માન્યતા પ્રમાણે ઈ. પૂ. ૩૦૦૦ થી ૩૧૦૦ આસપાસ આટલી સમયમર્યાદા આપણી સામે આવી પડી છે

**'ઐલ' કે 'આર્ય'**: શ્રી પાર્જિટર પોતાના ગ્રંથમાં ચંદ્રવંશીય 'ગૌરાંગ' રાજવીઓને 'ઇલ' કે 'ઇલા'ના પુત્ર પુરૂરવા 'ઐલ'થી 'ઐલ' વંશના કહે છે. આ 'ઐલ'માંના જ દ્રુહ્યુવંશના કેટલાક લોક વાયવ્ય ખૂણેથી આગળ વધતા પશ્ચિમ એશિયા અને યુરોપમાં ફેલાઈ ગયા તે સૌ પણ આ રીતે 'ઐલ' છે. ડૉ. મૅક્સમ્યૂલરથી (૧૮૫૬ ઈ. સ.માં)થઈ ઉપર બતાવી તે ઈ પૂ. ૧૪૭૦ કે ૧૪૩૮ અને યુરોપિયન વિદ્વાનો આ ગૌરાંગ પ્રજાને 'આર્ય' કહી યુરોપની બધી પ્રજા આર્યકુલની કહેતા રહ્યા. બેશક, ૧૮૮૮ માં ડૉ. મેક્સમ્યૂલરે પ્રજાને 'આર્ય' ન કહેતાં 'ઇન્ડો-યુરોપિયન' ભાષાકુલને જ 'આર્યકુલ' કહ્યું. આમ છતાં અત્યાર સુધી યુરોપિયનો અને એમને અનુસરી ભારતીય વિદ્વાનો પણ 'ગૌરાંગો' ઉપરાંત ભારતવર્ષની ('પીતાંગો' સહિતની) ઉજળિયાત પ્રજાને 'આર્ય' કહેતા આવ્યા છે. ભારતીય પ્રાચીનતમ સાહિત્ય-ઋગ્વેદથી લઈ યુરોપિયનો વંશ કે પ્રજાના વાચક તરીકે 'આર્ય' શબ્દ કહેવા લાગ્યા ત્યાં-સુધીના ભારતીય સાહિત્યમાં 'સાંસ્કારિક' 'સભ્ય' એ અર્થમાં જ એ શબ્દનો પ્રયોગ થયા કર્યો છે. શ્રી પાર્જિટરે 'ઐલ' શબ્દ વ્યાપક રીતે 'ગૌરાંગો'ને માટે વાપર્યો છે. અસલમાં એ પ્રજા મધ્ય-હિમાલય(કિંવા કાશ્મીર)ની પ્રજા હોઈ એને 'હિમાદ્રિવાસી' કહેવામાં આવે તો વધુ સમુચિત થઈ રહે. 'પીતાંગ' સૂર્યવંશી પ્રજા પણ હિમાલયના પૂર્વાર્ધ પ્રદેશની આસપાસ વિકસેલી છે અને પછી 'ઐલો'ની સાથે એકાત્મક થઈ ગઈ છે એટલે એને પણ 'હિમાદ્રિવાસી' કહી શકાય એમ છે. ત્રીજી 'શ્યામાંગ' પ્રજા હિંદી અને પ્રશાંત મહાસાગરોના દ્વીપોમાં વિકસેલી પહાડોમાં રહેનારી હતી, ભારતવર્ષમાં પણ દ્રવિડ દેશમાં વિકસતી હતી તે ઉત્તર ભારત અને દક્ષિણ ભારત વચ્ચેનો સમુદ્ર સુકાઈ જતાં નીચેથી ઉપર આવતી થઈ અને ભારતવર્ષનાં પહાડો અને જંગલોમાં પણ વિકસી-આને ગિરિવાસી' સંજ્ઞા સરળતાથી બંધ બેસે. હકીકતમાં આ દનુવંશી 'દાનવો' છે, દિતિવંશીય 'દૈત્યો' પણ એ જ છે. આ બધાને પછી 'અસુર' કહ્યા છે. 'રાક્ષસો' પણ એવા શ્યામાંગ પ્રજાના એક ભેદ છે. આફ્રિકાની 'કૅપોઇડ' અને 'કોન્ગોઇડ' પ્રજાના 'ગૌરાંગ' 'પીતાંગ' 'શ્યામાંગ' સાથે સંબંધ કોઈ પણ સંયોગોમાં કહી શકાતો નથી.

–કે

---

## લેખકોને વિનંતિ

'દીપોત્સવાંક' માટે 'કાવ્યો' અને 'ચરિત્રો' પૂરતાં આવી ગયાં છે તેથી ન મોકલવા વિનંતિ.

## નવા થનારા ગ્રાહકોને વિનંતિ

'પથિક'ના ગ્રાહક વર્ષમાંના કોઈ પણ માસથી લવાજમ મોકલી થવાની પદ્ધતિ ચાલુ છે, પરંતુ જે માસમાં લવાજમ મોકલવામાં આવે તે માસની આગળ પાછળ નજીકના 'ઑક્ટોબર' 'જાન્યુઆરી' 'એપ્રિલ' કે 'જુલાઈ'થી ગ્રાહક ગણી અગાઉનો અંક બાકી રહેતો હશે તે પછીની ૧૫ મી તારીખે ટપાલ કરવામાં આવશે.

–તંત્રી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



With Best Compliments From

# VXL INDIA (LTD.)
# (SAURASHTRA CHEMICALS)

PORBANDER

**MANUFACTURERS OF BASIC CHEMICALS**

**SODA ASH LIGHT** : Used by Housewives/Dhobis and other Weaker Sections of the Society as also by Industries like Detergents, Silicate, Soap, Textiles, Aluminium, Dyes etc.

**SODA ASH DENSE** : Used by Ultramarine Blue, Bichromate and Glass Industries.

**SODA BICARB** : Used for Tanning, Printing, Jaggery etc.

**CAUSTIC SODA (LYE)** : Used in Manufacture of Wood Pulp, Soap, Chemical Intermediates, Dyes, Cosmetics, Bleaching, Dyeing & Printing, Textiles, Petroleum Refining, Aluminium Manufacture, Oil Extraction, Paint and Varnish, Mercerizing Cotton.

TELEPHONES : 21735, 36 & 37

TELEGRAM : SAUKEM

TELEX : 0166-201

FAX : 0286-21431

ALWAYS BUY THE BEST AND THE FIRST 'THREE LIONS BRAND' PRODCTS.

For Private and Personal Use Only